Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૧૩ • તા. ૨૩ માર્ચ થી ૨૯ માર્ચ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14



## પરબ શક્તિ સંજીવની દ્વારા મહિલાદિન નિમિત્તે કાર્યક્રમ






















માતુશ્રી મેઘબાઈ કાનજી હંસરાજ રતાણી પરિવાર - તેરા

# શ્રદ્ધાંજલિ







**જન્મ : ૪-૨-૧૯૪૦** **મરણ : ૧૫-૩-૨૦૧૩**

## મધુરીબેન મુલચંદ કાનજી લોડાયા

તમારો હૃદય સાગર હતો, તમારા વગર અમારા આંખોમાં સાગર છે
બધી જ સ્થિતીમાં હસતા રહ્યા, બધાનું દિલ જીતીને ગયા...

**• શોકાતુર •**

**પતિ :** સ્વ. મુલચંદભાઈ કાનજી રતાણી

**જેઠ-જેઠાણી :** સ્વ. પદમશીભાઈ-ગં.સ્વ. જમકુબેન, સ્વ. માણેકજીભાઈ-સ્વ. જયાબેન

**પુત્ર-પુત્રવધૂ :** ભરત-હેતલ, કિરીટ-દિપ્તી

**દીકરી-જમાઈ :** ગીતા (જ્યોતિ) વિજય ધુલ્લા, શોભા-નિરેન મોતા,
હીના-નરેશ વિકમશી, ઉષા-જનક ખોના, રૂપા-નિતીન ગાલા,
શીલા-જયેશ ધરમશી, આશા-ગૌતમ છેડા

**પૌત્ર :** સંયમ ભરત

**દોહિત્રાઓ :** સ્વ.રિતેશ, ધાર્મિક, જીનેન, ચાંદની, રૂચિતા, અરનવ

**નણંદ-નણંદોય :** સ્વ. મણીબેન-સ્વ. ધનજીભાઈ, સ્વ. સરલાબેન-વીરચંદભાઈ,
સૌ. દમયંતીબેન-ચાંપશીભાઈ લોડાયા (લોખંડવાળા)

**માતુશ્રી-પિતાશ્રી :** સ્વ. મીઠીબાઈ, ખીમજી માણેકજી મૈશેરી (મડઈ)

**ભાઈ-ભાભી :** શાંતિલાલ-પ્રેમિલાબેન, સ્વ. ખુશાલ-ગં.સ્વ. હંસાબેન,
સ્વ. વિનોદ-ગં.સ્વ. કાશ્મીરાબેન

**બેન-બનેવી :** સ્વ. ગુણવંતીબેન-સ્વ. શનિલાલ, સ્વ. કાંતાબેન,
અ.સૌ. લીલાબેન-મેઘજીભાઈ, અ.સૌ. તારાબેન-કાંતિલાલ

**આદ્યતંત્રીઓ**
"**પ્રકાશ**"
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
"**સમીક્ષા**"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"**પ્રકાશ સમીક્ષા**"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી - 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 13 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ:** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# જ્ઞાતિ રિવાજો વિષે સમસ્ત મહાજનની બેઠક : સંવાદની શરૂઆત કે માત્ર ઔપચારિકતા

કચ્છી દશા ઓસવાલ સમસ્ત જ્ઞાતિ મહાજને તાજેતરમાં જ્ઞાતિ રિવાજો વિશે એક બેઠકનું આયોજન કર્યું હતું. સમસ્ત જ્ઞાતિ માટે મહત્વના આ કાર્યક્રમમાં લાંબા સમયમાટે પ્રભાવકારી વિચાર વલોણું થયું.

મુંબઈ, કચ્છ અને બહારગામથી આવેલા વિચારશીલ અને ઉત્સાહી જ્ઞાતિજનોએ આ બેઠકમાં ઉમળકાભેર ભાગ લીધો. ભાગ લેનાર દરેક જ્ઞાતિવિચારકોએ એ વાત પર ભાર મૂક્યો કે અન્ય સમુદાયોની સરખામણીમાં કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિમાં રીતરિવાજોને સરળ અને સહજ બનાવવા તેમજ તેમનો અમલ કરતાં તાણ ન અનુભવાય તેવા બનાવવા ખાસ જહેમત લેવાતી હતી. પણ ઘણાં સમયથી આ બાબત સંવાદ ન સધાયો હોઈ આ બાબતમાં અરાજકતા ફેલાઈ છે તથા લોકો પ્રસંગને દિલથી માણવાને બદલે દેખાડો કરવાની તક ગણવા માંડ્યા છે, એ નકારાત્મક વલણ ગણાય.

શ્રી લહેરચંદ મૈશેરીએ લગ્ન હોય કે સુવાવડ વર અને કન્યાના પરિવારોએ સરખો ભાર લેવો જોઈએ એવો આગ્રહ કર્યો.

શ્રીમતી હીરાબેન ખોનાએ પરજ્ઞાતમાં પરણેલી જ્ઞાતિ કન્યાઓ સાવ પરજ્ઞાતિની બની જાય છે કે તેના પરજ્ઞાતિના કુટુંબમાં દશાઈ સંસ્કારની સુવાસ ફેલાવે છે તેનો સર્વે કરાવી એ બાબત યથાયોગ્ય નિર્ણયો લેવાવા જોઈએ.

ઘણાં વક્તાઓએ પરજ્ઞાત સાથે વધી રહેલા સંબંધોથી જ્ઞાતિની સંસ્કારિતાનું પોત નબળું પડશે. એવી ભીતિ વ્યક્ત કરી હતી. એક આગેવાને તો ત્યાં સુધીની ટિપ્પણ કરી હતી કે જ્ઞાતિની ઘણી સારી છોકરીઓ અન્ય જ્ઞાતિમાં ચાલી જાય છે અને તેની સામે અન્ય જ્ઞાતિની આપણા જ્ઞાતિ સંસ્કારને લાયક ન હોય તેવી છોકરીઓ આવે છે.

અલબત્ત, ઉપસ્થિત બહુમતીએ અન્ય જ્ઞાતિઓમાંથી જ્ઞાતિમાં આવતી છોકરીઓ પણ કોઈપણ રીતે ઉતરતા સંસ્કારની જ હોય છે એ બાબત વાંધો ઉઠાવ્યો હતો. તેમજ તેમને દશાઈ સંસ્કારોથી પરિચિત કરાવવાના અગાઉ લેવાયેલા નિર્ણય અંગે નક્કર પગલાં લેવાનો અનુરોધ કર્યો હતો.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત સમુહ લગ્નોની ભૂમિકા સમજાવતા શ્રી જયેશ જૈને જણાવ્યું હતું કે પૈસાના અભાવે જ્ઞાતિજનો લગ્નો જેવા પ્રસંગે રિવાજો ટૂંકા કરાવી નાખે તે આખા સમુદાય માટે શરમાવવા જેવી વાત છે. આનું ધ્યાન રાખીને અમે સામાન્ય પરિવારના વર-કન્યાના લગ્ન પુરી હોંશથી કરાવીએ છીએ. વધુમાં આ સમુહલગ્ન કચ્છમાં જ યોજી જ્ઞાતિજનોનો વતન સાથેનો નાતો જળવાય રહે તેનું ખાસ ધ્યાન રાખીએ છીએ.

ઘણાં જ્ઞાતિજનોએ વતન સાથેનો નાતો નામશેષ થઈ રહ્યો છે એ બાબત ચિંતા વ્યક્ત કરી હતી. તેમાંના ઘણાંનું માનવું હતું કે વરસમાં કમસેકમ એક વખત વતનમાંના દેવસ્થાનમાં સમુહ પહેડી યોજાવી જોઈએ, મુંબઈમાં સમુહ પહેડી યોજવાના શોર્ટકટને કારણે તો વતન સાથેનો નાતોજ કટ થઈ ગયો છે.

લેખકે પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમજ જ્ઞાતિના રીતીરિવાજોની ઐતિહાસિક સમીક્ષા કરતાં જણાવ્યું હતું કે સમસ્ત મહાજનને દર દસ વર્ષે જ્ઞાતિના રીતીરિવાજોને સમીક્ષા કરી, જ્ઞાતિજનોએ પાળવાના ઉચિત રિવાજોની પુસ્તિકા ગુજરાતી અને અંગ્રેજીમાં પ્રગટ કરવી જોઈએ.

લેખકે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જો એમ કરવામાં આવશે તો આ બાબતની અરાજકતા નાથી શકાશે. કેમકે માનવસ્વભાવથી જ સામાજીક પ્રાણી છે અને યોગ્ય માર્ગદર્શન આપી પ્રેરિત કરવામાં આવે તો ૭૦ ટકા લોકો સહજ રીતે સમાજ સાથે રહેવાના ભાગરૂપે સૂચિત રીતીરિવાજોને પણ માનવાના.

લેખકે કચ્છમાં રહેતા હતા અને બહુમતી જ્ઞાતિજન ગરીબ હતા ત્યારે જેમના લગ્ન થવાના છે એ જોડું-ખાસ કરીને થોડા સમયમાં માતા બનવા જનારી છોકરી કુપોષણનો શિકાર ન બને તે માટે તે વખતે પડાતા વનાળો (લાડકા લાડુ) આપવાના રીવાજને તીલાંજલી આપવાનો આગ્રહ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ૧૯૧૧ના જ્ઞાતિસુધારામાં પણ આ વાત કાઢી નાખવામાં આવી હતી.

લેખકે જે જમાનામાં કન્યા નાની વયે પરણી સમજદાર થાય ત્યારે સાસરે જતી તે જમાનામાં આ બન્ને વચ્ચે વર્ષોનું અંતર હોવાથી કન્યાને લગ્નના બીજા દિવસે અપાતી મોટી રજા (વડી રજા)ના રિવાજને પણ તિલાંજલી આપવાનો આગ્રહ કર્યો હતો. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે ઘણાં લોકોએ સમજ્યા વગર જોડી દિધેલો તર્ક કે આ તો કન્યાપક્ષે જાન જમાડી એટલે વરપક્ષે સામે કંઈક આપવું જોઈએ તે માટેનો રિવાજ છે તેવી વાત હાસ્યાસ્પદ છે. તેમ જણાવી આના કરતાં તો મુખ્ય લગ્ન કાર્યક્રમનો ખર્ચ બન્ને પક્ષ સરખે ભાગે ઉઠાવે એ વધુ યોગ્ય છે.

લેખકે અંગુલી નિર્દેશ કર્યો હતો કે મૃત્યુ પછી અમુક સમય સુધી જીવાત્મા પોતાના જીવનમાં કરેલા કર્મો ઉપરાંત પાછળ રહેલા લોકો દ્વારા સત્કાર્ય પર નિર્ભર હોય છે એ માટે આખી દુનિયામાં મૃત્યુ પછીના રિવાજો પાળવામાં આવે છે. આજે આપણી જ્ઞાતિમાં ઘણાં મૃત્યુના કિસ્સામાં પ્રાર્થનાસભા પણ રખાતી નથી. તેમના મતે સમુહપ્રાર્થના જે બધાને સગવડભર્યા સમયે મહિનામાં બે વખત થતી હોય એ વધુ અપનાવવા યોગ્ય છે. ઉપસ્થિત જ્ઞાતિજનો ઉપરાંત વક્તાઓએ પણ આ વિચારને વધાવ્યો હતો.

પોતાની વાતનું સમાપન કરતા લેખકે આજની બેઠકમાં જ જ્ઞાતિના રીતિરિવાજનું સંકલન અને સમીક્ષા કરી જરીપુરાણા રિવાજો કાઢી સમયાનુરૂપ રિવાજો અપનાવવાની હિમાયત કરતી સમિતિ રચવા અનુરોધ કર્યો હતો.

તેના પ્રત્યુત્તરમાં આયોજકો તરફથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે થોડા સમય પછી યોજાનારી સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડની મિટીંગમાં યથાયોગ્ય નિર્ણય લેવાશે. તેના અનુસંધાનમાં ટ્રસ્ટ બોર્ડે જ્ઞાતિરિવાજોની જુની પુસ્તિકાઓનું સંકલન કરવાનો નિર્ણય લીધો છે એવા સમાચાર છે.

હકીકતમાં સમસ્ત મહાજને અત્યારના સમય પ્રમાણે ઉચિત એવા રીતિરિવાજો સુચવતો કાચો ખરડો તૈયાર કરીને તે બાબત જ્ઞાતિજનો સાથે સંવાદ સાધવો જોઈએ. માત્ર આવી એકાદ ઔપચારિક બેઠક બોલાવી કંઈક કરવાનો સંતોષ લેવાથી કંઈ ફાયદો નહી થાય.

**- ચંદ્રસેન મોમાયા**

## ટ્રસ્ટોના અંદાજપત્રો

જ્ઞાતિના સર્વ ટ્રસ્ટો અને મહાજનોને વર્ષ ૨૦૧૩-૧૪ માટેના પોત-પોતાના અંદાજપત્રો બનાવી તેની નકલો 'પ્રકાશ-સમીક્ષા' ને મોકલવા અનુરોધ કરીએ છીએ જેથી શક્યતઃ તે સંપૂર્ણતઃ અથવા તેના મુખ્ય અંશોની પર્યાપ્તપણે રૂપરેખા મળી શકે તે રીતે જ્ઞાતિજનોની જાણકારી માટે 'પ્રકાશ-સમીક્ષા' માં પ્રકાશિત કરી શકાશે. મહારાષ્ટ્રમાં નોંધાયેલ ટ્રસ્ટો અને સંસ્થાઓને કાયદાની જોગવાઈઓ હેઠળ ૩૧ માર્ચ સુધીમાં તેવા અંદાજપત્રો ચેરીટી કમીશ્નરના દફ્તરે ફાઈલ કરવાનું ફરજિયાત છે.

મહારાષ્ટ્રમાં નોંધાયેલ જે ટ્રસ્ટો/મહાજનો/ સંસ્થાઓના અંદાજપત્રોની નકલો 'પ્રકાશ-સમીક્ષા'ને **૩૦ એપ્રિલ-૨૦૧૩** સુધી નહીં મળે તેમણે આવા અંદાજપત્રો તૈયાર કર્યા નથી અથવા તો જ્ઞાતિને તેની જાણકારી આપવામાં તેમના સંચાલકોને રસ નથી તેવો નિષ્કર્ષ જ્ઞાતિજનો કરી શકશે.

તેવી જ રીતે મહારાષ્ટ્ર સિવાયના અન્ય રાજ્યોમાં નોંધાયેલ ટ્રસ્ટ, મહાજન અને એકમોએ પણ પોતાની સંસ્થાની આગામી વર્ષમાં કઈ પ્રવૃત્તિઓ યોજવી છે તેની પૂર્વ વિચારણા કરી તે વિષે અર્થસંકલ્પ (બજેટ) તૈયાર કરી તેની એક નકલ અથવા તો તેની આગામી પ્રવૃત્તિઓના મુખ્ય મુદ્દાઓ સાથેની સંક્ષિપ્ત રૂપરેખાની માહિતી 'પ્રકાશ-સમીક્ષા' ને ૩૦ એપ્રિલ ૨૦૧૩ સુધી મોકલી જ્ઞાતિજનોને જાણકારી આપવાની ફરજ અદા કરશે એવી અપેક્ષા.

***- તંત્રી***

## શ્રી  ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ

સમિતિની અપીલને માન આપીને મુદત પૂર્ણ થયા પહેલાં વસતિપત્રકના ભરેલા ફોર્મ પાછા મોકલનારા તેમજ તેમાં સહયોગ આપનારા સૌ જ્ઞાતિ આગેવાન કાર્યકરોનો આભાર.

ફોર્મ ફાઇનલ કરવાનું કામ શરૂ કરી દીધું છે. હજુ પણ ફોર્મ ન મોકલનારાઓને  તથા દરેક વિસ્તારના જ્ઞાતિ આગેવાનો/કાર્યકર્તાઓને વસતિપત્રકને પરિપૂર્ણ અને શ્રેષ્ઠ બનાવવા સહયોગ આપવા અનુરોધ.

**ફોર્મ  પાછા આપવાની છેલ્લી તા.૨૫.૩.૨૦૧૩ આવી રહી છે.આપના ફોર્મ તાકીદે ભરીને મોકલશોજી.**

- જે જ્ઞાતિજનોના નામ ૭મ વ.પ.માં સામેલ નથી તેવા જ્ઞાતિજનોને પોતાના નામ આમેજ કરાવવા કાયાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.
- વ.પ. એડ્રેસ બુક લગ્નોત્સુક બુકના કવરપેજની ડીઝાઇન માટે જ્ઞાતિના કર્મશિયલ આર્ટિસ્ટ એનીમેશન નિષ્ણાંતોને આમંત્રણ છે. સ્વીકૃત ડીઝાઇન બનાવનારનું સન્માન કરાશે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ વતી


માનદ્ મંત્રી : વિનોદ ધુલ્લા- ૯૮૨૦૧૨૨૩૬૬ના જય જિનેન્દ્ર

સંપર્ક : રમેશ મોતા ૦૯૮૧૯૬૫૫૨૫૯, ડુંગરશી મૈશેરી : ૦૮૮૯૮૨૭૭૭૬૬

કાર્યાલય : સંપર્ક નં. ૯૯૨૦૮૫૫૨૫૯/૯૬૧૯૩૪૩૭૯૩ E-mail : kdovasti@gmail.com


### વસતિપત્રકનું ટેન્ડર ભરવા આમંત્રણ

૮મા વસતિપત્રકના છપાઈ કામ માટે આધુનિક છપાઈકામની વિશાળ સગવડતા ધરાવતા ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો માટેની સુવિધા અને ક્ષમતા...A4સાઈઝના ૧૬૦૦ પાના ૪/ ૫ પુસ્તકોનાં ૮૦૦૦ સેટના છપાઈકામ માટેની આધુનિક ક્ષમતા ધરાવતા ક.દ.ઓ. પ્રીન્ટરોને આ બારામાં વધુ માહિતી મેળવી યોગ્ય ટેન્ડર ભરવા આમંત્રણ આપવામાં આવે છે.



## ... અનુમોદના...

છેલ્લા અઢાર વર્ષોથી યાત્રિકોને અલગ-અલગ સ્થળોએ ભાવપૂર્વક તેમજ સંપૂર્ણ ઈતિહાસ સાથે યાત્રા કરાવનાર **'સાવલા એન્ડ લોડાયા ટુર્સ'** નાં **શ્રી પ્રવીણભાઈ ટોકરશી લોડાયા**એ દેવ ગુરૂની અસીમ કૃપાથી સમેત શીખરજીની ૧૦૮ યાત્રાઓ પૂર્ણ કરેલ છે, તેમને અમારી ભૂરી ભૂરી અનુમોદના...

આવી જ રીતે સફળતાપૂર્વક યાત્રાઓ કરતા રહી કરાવતા રહો અને ખૂબજ સિદ્ધિઓનાં શિખર સર કરો એવી અમારી સૌની શુભેચ્છા સહ આશિર્વાદ...

-: શુભાશિષ :-

**માતુશ્રી જયાબેન ટોકરશી લોડાયા પરિવાર**

**માતુશ્રી દમયંતી કેશવજી જીવાણી પરિવાર**

**ભાઈ : દિલીપ ટોકરશી લોડાયા**

| | | | |
|---|---|---|---|
| બહેનો : | **વિજયા નારાણજી દંડ** | • | **જ્યોત્સના દામજી દંડ** |
| -''- | **અરૂણા હંસરાજ ધરમશી (યુએસએ)** | • | **કલ્પના પ્રતાપ ધરમશી** |
| -''- | **વર્ષા ખીમજી દંડ** | • | **રતન ચંદ્રકાંત લાલકા** |

**નિર્મળા લક્ષ્મીચંદ ગડા**

**બ્હેન મ.સા. પૂ.સા.શ્રી આનંદકીરણાશ્રીજી શુભ આશીર્વાદ...**

## સુખ અને પૈસાને નિસ્બત નથી -પ્રવીણ લોડાયા (વડોદરા)

સુખ અને પૈસાને નિસ્બત નથી, એવું જાણતા હોવા છતાં દરેક જણ પ્રથમ પૈસો કમાઈ લે છે અને પછી તેનાથી મળાત સુખમાં અટવાય છે. જેટલો પૈસો મહત્ત્વનો છે, એટલું જ સુખ મહત્ત્વનું છે.

આપણે સુખના બે ભાગ પાડ્યા છે. ભૌતિક સુખ અને આત્મિક સુખ. એસીમાં સુનાર ભૌતિક સુખ ભોગવે છે તો લીમડાના ઝાડ નીચે ઠંડા પવન વચ્ચે સુનાર પણ આત્મિક સુખ ભોગવે છે.

આત્મિક સુખ જ જીંદગી જીવવાની જડીબુટ્ટી છે. પૈસાદાર છે માટે સુખી છે એ વાતમાં બહુ દમ નથી. છતાં ભૌતિક સુખો મેળવવા અને જીવનનિર્વાહ ચલાવવા માટે જોઈતા પૈસા કરતાં, વધુ પૈસો સાથે મુસીબતો લઈને આવે છે.

'પૈસો હાથનો મેલ છે' એમ કહેનારાઓને આજના લોકો માફ કરે એમ નથી, પરંતુ સમયસર કમાયેલો પૈસો, અને સમયસર વાપરેલો પૈસો હુંફાળું સાંસારિક જીવન આપી શકતું હોય છે.

પૈસો ક્યાં, ક્યારે વાપરવો એ કળા આપણે ભૂલી ગયા છીએ માટે આત્મિક સુખથી વંચિત રહીએ છીએ. પોતાની અંદર પડેલા સુખનો લાભ ઉઠાવવાના બદલે માણસ બહારથી ખરીદેલા સુખને વળગે છે. અંતે ઊંઘ નથી આવતી પણ પડખા ફેરવવાનો વારો આવે છે.

અહીં એક એવા યુગલની વાત છે જે નાની ઉંમરનું છે. તેમને ખાવાના અને રહેવાના સાંસા હતા. ત્યાં તેમને ૫૦ લાખ પાઉન્ડનો જૅકપૉટ લાગ્યો. જૅકપૉટ જીતનાર પત્ની ક્લેર ઑવન ૨૫ વર્ષની અને તેનો પતિ ફુગ પોપ ૩૦ વર્ષનો હતો.

તેમની પુત્રી સરેનના જન્મ બાદ, પાંચ મહિના પછી તેમને આ જૅકપૉટ લાગ્યો હતો. આ અગાઉ ૧૦ હજાર પાઉન્ડનું દેવું ચૂકવવા તેઓ ગલ્લાંતલ્લાં કરતા હતા. પુત્રી સરેનને તેઓ ક્રિસમસ ગીફ્ટ પણ આપી શકતા નહોતા.

જૅકપૉટે તેમની જીંદગી બદલી નાખી હતી. તેમનો એક બેડરૂમનો ફ્લેટ છોડીને તે સ્વિમીંગ પુલ સાથેના વિશાળ બંગલામાં રહેવા આવી ગયા હતા.

તમામ ભૌતિક સુખો મેળવનાર આ યુગલ માનતું હતું કે પોતે સૌથી વધુ સુખી છે. પરંતુ પતિ ફૂગ પોપના જીવનમાં અન્ય સ્ત્રી આવી અને તેની સાથે તેના ઘરથી ૧૦૦ માઈલ દૂર તેની સાથે રહેવા ચાલ્યો ગયો અને ત્યાં ક્રીસમસ ઉજવી. અંતે જૅકપૉટ જીતનાર યુગલે છૂટાછેડા લઈ લીધા.

જૅકપૉટ જીતી લાખો પાઉન્ડના આસામી બનનારના જીવનમાંથી સુખ છીનવાઈ ગયું. બન્નેએ કબુલ્યું કે પૈસો સુખ આપી શકતો નથી. બંનેએ એમ પણ કહ્યું હતું કે અમે જ્યારે સાવ કડકા હતા ત્યારે વધુ સુખી હતા.

ઘણીવાર એવા વિવાદ ઊભા થાય છે. તો શું પૈસો ના કમાવવો? અહીં થોડી સમજમાં ફેર થાય છે. પૈસો કમાવવાનો પણ તે માનસિક સુખ કે અનંદ આપી શકવાનો નથી એમ સમજીને કમાવવાનો છે.

અહીં જે સુખની વાત છે એ બજારમાં નથી મળતું પણ માણસની અંદર પડેલા સુખની વાત છે. અંદર પડેલા આત્મિક સુખ પર પૈસાથી ખરીદેલા ભૌતિક સુખોનો થર જામી ગયા છે. પછી ગમે તેવા મહાન સાધુ-સન્યાસીઓ પણ પેલા દટાયેલા આત્મિક સુખને બહાર કઢાવી શકતા નથી જ્યારે ભૌતિક સુખોના દબાણ હેઠળ દબાયેલું 'સુખ' બહાર આવે છે ત્યારે તેના પરિણામે છૂટાછેડા, સંસારત્યાગ, સંસાર-અસાર જેવી ઘટનાઓ બને છે.

'સુખની ચાવી' પરના અનેક પુસ્તકો વેચનાર પૈસા કમાઈ લે છે, પણ સુખ કમાઈ શકતા નથી. સુખ વિશે થોથાંને થોથાં ભરીને લખાયું છે, લોકોને અનેકવાર સાચી વાત સમજાવવામાં આવી છે છતાં હાથમાં જે વસ્તુ છે, અથવા આજની જે સ્થિતિ છે તેમાંથી સુખ લૂંટવાનાં બદલે, જે હાથમાં નથી તે દિશા તરફ વધુ જાય છે.

તમામ પરિસ્થિતિમાં આનંદીત રહેનાર કદાચ સુખને પામી શકે છે. પરંતુ સુખની આ વ્યાખ્યા ટચુકડી હોવાની સાથે-સાથે વિશાળ પણ છે.

કોઈ સુખ માટે ઘર છોડે છે તો કોઈ સુખ માટે ઘર માંડે છે. માટે સુખ એ વિવિધ વ્યાખ્યાઓ અને કાળ સાથે સંકળાયેલું છે. દરેક ક્ષણને માણો, મોજથી રહો એને તત્ત્વજ્ઞાનીઓ સુખની નાનામાં નાની વ્યાખ્યા કહે છે.

ઢગલો પૈસા હોવા છતાં આત્મિક સુખને નહીં પામી શકનાર નિર્ધનની યાદીમાં આવે છે. જૅકપૉટ જીતનાર યુગલ અંતે સુખનો જૅકપૉટ જીતી શક્યું પરંતુ આત્મિક સુખની ખબર ન હોવાથી છૂટાછેડા લેવા પડ્યાં...

**જીવનસાથી :** કોપલ (કર્ણાટક)માં રહેતા, સ્વતંત્ર ધંધો ધરાવતા ૫૫ વર્ષના વિધુર જ્ઞાતિજનને ૪૨ થી ૫૪ વર્ષ વયની જીવનસાથીની જરૂર છે. કુટુંબમાં બે પરિણિત પુત્રીઓ અને એક અપરણિત પુત્રી. સંપર્ક : **09443414810 / 09820043645**

## અંતરની અટારીએથી અનુમોદના...



### માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર
### હસ્તે અ.સૌ. જયાબેન શાંતિલાલ પદમશી લોડાયા

હાલે આદીપૂર અંતરજાળમાં પરમ કૃપાળુ પરમાત્મા શ્રી વિમલનાથ દાદાની, અસીમકૃપાથી શિખરબધ્ધ જિનાલય અને ઉપાશ્રયનું નિર્માણ કરી શ્રી આદિપુર અચલગચ્છ સંઘને અર્પણ કરી વર્તમાને જ્ઞાતિમાં ડંકો વગાડી ધન્યતાને પાત્ર બન્યા છે.

મા-બાપને સ્વર્ગમાં લઈ જાય એ દિકરો પરંતુ સ્વર્ગને ઘરે લઈ આવે એનું નામ **દિકરી.**

એ અમારી દિકરી જેણે બે કુળ દિપાવી અમને ખૂબજ સન્માનીત કર્યા છે. સાથે સાથે અમારા જમાઈ **શ્રી શાંતિલાલભાઈ** પણ માતુશ્રી ભચીબાઈની કુક્ષીને પાવન પુનિત, ઉજાગર કરી મસ્તક ઉન્મુખ કર્યું છે.

અમો આભારી છીએ એ દિવ્ય આત્માના જેમણે આ અહોભાગી અભિયાન, સેવા સત્કર્મનો સુમેળ સાથોસાથ વડિલોની આમન્યા, માન-સન્માન, મહેમાનોની આગતા-સ્વાગતા સાથે સુલક્ષ્મીને સુકૃતે, સોનામાં સુગંધ ભેળવી દિવ્યંકારી બનાવી એમને અમારા સો સો સલામ...

અમે અનુમોદના કરીએ છીએ એ બંને આત્માઓની જેમણે આવી મોહમયી નગરીમાં રહીને પણ પોતાના વડિલોના સંસ્કારોને સાક્ષાત્કાર કરી, પ્રેરણાત્મક દૃષ્ટાંત પૂરૂ પાડ્યું છે. આશા રાખીએ કે આવનારા ભવિષ્યમાં પણ આપના દ્વારા આવાજ સત્કાર્યો સમાજને, ગચ્છને, કુટુંબને ઉપયોગી થાઓ.

-: અંતરનાં આશીષ :-

**માતુશ્રી લીલબાઈ દામજી ધરમશી પરિવાર** (સાંધાણ-વિરાર)

---

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન** *અંતર્ગત*

## જખૌ યુવા મંચ આયોજિત

## ૨ દિવસીય નયનરમ્ય સ્થળો, બીચ / વૉટરસ્પોર્ટ / ફેરીરાઈડસ સાથે પંચતિર્થ યાત્રા, પ્રવાસ

૧૫ થી ૪૦ વર્ષ ના ૫૦ યુવા ધન માટે મર્યાદિત

**પ્રસ્થાન :** શનિવાર, તા. ૨૦/૦૪/૨૦૧૩ ના સવારે ૬ ક. **પરત :** રવિવાર, તા. ૨૧/૦૪/૨૦૧૩ ના રાત્રે ૧૦ ક.

**સ્થળ :** જહાજ મંદિર, કોલાડ, મુરૂડ, દિવેઘર, નાગોઠણે, ઈંદાપૂર, પોટનેર, હરિહરેશ્વર અને કોંકણ તીર્થ

વ્યક્તિ દીઠ ₹. ૬૦૦/- ભરી વહેલા તે પહેલાના ધોરણે તમારા નામ લખાવશો.

**: વિશેષ આયોજન :**

પોટનેર જીનાલય માં સમૂહ સેવા પૂજાનો લાભ લેવાનો હોવાથી 'પૂજા' ના વસ્ત્રો સાથે લાવવા.

**: સંપર્ક :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| જીગેશ નરેન્દ્ર મૈશેરી | પવઈ | 98702 48796 | નિખિલ રાજકુમાર નાગડા | મુલુંડ | 98216 07546 |
| કલ્પેશ કાંતિલાલ શિયાલ | ડોંબિવલી | 98334 08777 | ભાવિન પંકજ ખોના | મુલુંડ | 80824 75881 |

યાત્રા પ્રવાસનાં મુખ્ય દાતા પરિવાર
શ્રી મણિકાંત હીરજી ધુલ્લા (મુલુંડ), શ્રી હિરાચંદ ભવાનજી મોમાયા હસ્તે અરુણભાઈ (મસ્જિદ બંદર),
શ્રી લધાભાઈ શિવરાજ મૈશેરી હસ્તે નેણશીભાઈ મૈશેરી (મુલુંડ),
યાત્રા પ્રવાસના સહયોગી દાતા પરિવાર
શ્રી લાલજી રતનશી મૈશેરી (મુલુંડ),
શ્રી દેવશી ડુંગરશી મૈશેરી હસ્તે શ્રી જયંતીભાઈ (મુલુંડ) શ્રી જેઠાભાઈ ડુંગરશી લોડાયા (જે.ડી. ટ્રાન્સપોર્ટ-પૂના)

સમયાનુસાર પ્રોગ્રામમાં ફેરફાર કરવાનો અધિકાર જખૌ યુવામંચ નો રહેશે

# સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો. પ્ર.સ. દ્વારા ચાલતો આ નિઃશુલ્ક વિભાગ યોગ્ય પાત્રની વિશાળ પસંદગી માટે સુલભ માધ્યમ છે. એવું નથી કે, સગપણ ન થતા હોય એટલે એમાં ભાગ લેવું. પણ તમારા સંતાનનો જ્ઞાતિ સમક્ષ પુરો પરિચય થાય અને આપને પસંદગીની એક સારી તક મળે એ દૃષ્ટિએ એમા વિનાસંકોચે ભાગ લો. પ્રકાશિત થયેલ ઉમેદવારના પરિચય ઉપરથી પસંદગીનો ક્રમાંક લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. **સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી.** આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો.

| ક્ર. | માહિતી પત્રક | ૪૮૦ | ૪૮૧ | ૪૮૨ | ૪૮૩ | ૪૮૪ | ૪૮૫ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | પોલડીયા | લાલકા | ખોના | મોતા | દંડ | લોડાયા |
| ૩ | વતન કચ્છ કે હાલાર | કચ્છ | કચ્છ | હાલાર | કચ્છ | કચ્છ | કચ્છ |
| ૪ | જન્મ તારીખ | ૧૭.૧૦.૭૮ | ૧૬.૧૧.૮૬ | ૧૦.૧.૮૬ | ૧૭.૪.૯૦ | ૧૨.૧૦.૮૩ | ૨૦.૮.૮૬ |
| ૫ | વય (વર્ષ) | ૩૪ | ૨૬ | ૨૬ | ૨૩ | ૨૯ | ૨૭ |
| ૬ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૫" | ૫'-૪" | ૬'-૦" | ૫'-૦" | ૫'-૭" | ૫'-૨" |
| ૭ | વજન (કી.ગ્રા.) | ૬૫ | ૬૦ | ૬૫ | ૪૫ | ૬૯ | ૫૦ |
| ૮ | વર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો | ગોરો | ઘઉંવર્ણ |
| ૯ | શિક્ષણ/અભ્યાસ | H.S.C. | M.B.A(Fin.) | B.Com. (Comp.) | M.Com. | B.Com. | M.Com. |
| ૧૦ | નોકરી/ધંધો | નોકરી | નોકરી(પુના) | ધંધો | અભ્યાસ | ધંધો | નોકરી |
| ૧૧ | હાલ ગામ | વડોદરા | સેંધવા | હુબલી | ઈંદોર | અમાદવાદ | અમદાવાદ |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૧૦૦૦૦ | ૨૦૦૦૦ | ૨૫૦૦૦ | - | ૧૮૦૦૦ | ૧૮૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | છુટાછેડા | અવર | અવર | અવર | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો? | ના | હા | હા | હા | ના | હા |
| ૧૬ | મંગળ/શનિ છે? | શનિ | મંગલ | નથી | મંગળ | નથી | મંગળ |
| ૧૭ | ફોટો મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | કુંડલી મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૯ | તમારી પાત્ર અંગે પસંદગી/અપેક્ષા | સુશીલ/સંસ્કારી | સુશિક્ષિત/ મિલનસાર | સુશીલ મિલનસાર | સુશીલ મિલનસાર | સુશીલ સંસ્કારી મિલનસાર | સુશીલ સંસ્કારી |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | મિલનસાર | સંસ્કારી | મિલનસાર | સંસ્કારી સ્વતંત્ર ધંધો ક્યાં પણ ચાલે | સુશીલ સંસ્કારી પરિવારપ્રેમી | મિલનસાર |

આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)

મોકલનાર વાલીનું નામ : ____________ ઉમેદવારનું નામ : ____________

સરનામું : ____________

____________ ફોન : ____________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ____________ સહી : ____________

# શ્રી અંબે માં ધરમશી પરિવાર

## સ્થાન : સુથરી તીર્થ, તા. અબડાસા, જી. કચ્છ-૩૭૦૪૯૦

શ્રી **સુથરી** સ્થાને બિરાજમાન **ધરમશી પરિવાર**ના કુળદેવી શ્રી અંબેમાંની કૃપાથી મુંબઈ નગરે શ્રી માતાજી, શ્રી રામદેવ પીર, શ્રી ગણેશજી, શ્રી ક્ષેત્રપાળ દાદાની પંદરમી પહેડી-પ્રસાદનું આયોજન કરેલ છે. આ પ્રસંગે આપ સર્વેને ભાવભર્યું આમંત્રણ છે.

**-: પહેડીના દાતા :-**

**માતુશ્રી કસ્તુરીબાઈ વિશનજી દેવણાંધ ધરમશી** તથા
**માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી પરિવાર** (સુથરી-મુલુંડ)

**શુભ દિવસ : સંવત ૨૦૬૯ ચૈત્રસુદ ૪ ને રવિવાર, તા. ૧૪.૪.૨૦૧૩**
**શુભ સમય : સવારે ૯.૦૦ કલાકે**

ઉપરોક્ત શુભ પ્રસંગે નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

-: શુભ સ્થળ :-

**શ્રી માટુંગા કચ્છી મુર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘની**
**શ્રી નારાણજી શામજી મહાજનવાડી, ૪૫૨/૪૫૩, ભાઉદાજી રોડ,**
**મહેશ્વરી ઉદ્યાન, માટુંગા (સે.રે.), મુંબઈ-૪૦૦૦૧૯.**

-: નિમંત્રક :-

**શ્રી અંબેમાં ધરમશી પરિવારના જય અંબે**

વધુ વિગત માટે સંપર્ક :

**શ્રી પંકજ જવેરચંદ ધરમશી-9820517829 ● શ્રી હિરેન લખમશી ધરમશી-9819655254**

---

# નાનાણાં પરિવારનું ગૌરવ

**પાસ થયા હાર્દિક અભિનંદન**



**કુ. માનસી જયેશ ખોના** (સુથરી-કલીકટ)

ચિ. માનસીએ St. Joseph's Anglo Indian Girls Schoolમાં વર્ષ ૨૦૧૨ની SSLCની બોર્ડ પરીક્ષામાં ૧૦ Subjectમાં Full A+ grade (98%) મેળવીને **પ્રથમ ક્રમાંક** મેળવેલ છે. કેરાલાનાં દૈનિક પત્ર 'દીપિકા' દ્વારા યોજાયેલ Scholarship પરીક્ષામાં (A-grade) સાથે ગોલ્ડ મેડલ મેળવી Schoolનું નામ રોશન કર્યુ છે.

કેરાલા સરકાર યોજીત "School Youth Festival"માં રાજ્યસ્તરે "Band Mela" માં 'A' grade મેળવ્યું છે.

આ સર્વે સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન. આગળ હજુ આવી સફળતા હાંસિલ કરે. એવી અમારી શુભેચ્છાઓ...

**-: શુભાશિષ :-**

નાની-નાના : **સ્વ નિર્મળાબેન ધનજી મોમાયા**
મમ્મી-પપ્પા : **રાજુલા-જયેશ ખોના**
મામી-મામા : **ભાગ્યશ્રી-હિરેન્દ્ર મોમાયા**
મામી-મામા : **હિમા-દિપક મોમાયા**
માસી-માસા : **હેમલ મનીષ લોડાયા**
ભાઈ-બહેન : **તેજસ્વી જે. ખોના, ગગન, અર્પિત, માહી**

---

## કચ્છ કોટડી-મહાદેવપુરી-ગોધરાના ધ્રોળ પરિવારની શ્રી સચ્ચાઈમાતાજી અને વાછરાદાદાજીની

# આઠમી સમુહ પહેડી

શુભ દિનઃ ચૈત્ર વદ ત્રીજ, **રવિવાર** તા. **૨૮.૪.૧૩**
સમય : **સવારનાં ૯** વાગે...

શુભ સ્થળ : **ઠાકુર હોલ, ટંડન રોડ, આય.ડી.બી.આય. બેન્કની બાજુમાં, ડોંબીવલી (ઈ) ૪૨૧૨૦૧**

આ પ્રસંગે ધ્રોળ નુખનાં સર્વે ભાવિકોને અને નિયાણી બહેનોને સહપરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**-: પહેડીનાં લાભાર્થી :-**

**માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ**

સહ પરિવારનાં જયજિનેન્દ્ર-જય માતાજી

સંપર્ક : **ભુવા મનોજ દેવશી ધ્રોળ-9820962619**
**નવીન દામજી ધ્રોળ-9819936674**

(નોંધ : પહેડીમાં કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં.)

# પરબ શક્તિ સંજીવની સોસાયટી

**उत्सव प्रिया: खलु मनुष्या:** મનુષ્ય ઉત્સવ પ્રિય પ્રાણી છે. સામુદાયીક રીતે આનંદને વ્યક્ત કરવામાં આવે તો તેમાંથી ઉત્સવ કે પર્વનું નિર્માણ થાય છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન શુક્રવાર તા. **૮.૩.૧૩**ના શ્રી નારાણજી શામજીની વાડી (માટુંગા) મધ્યે એવો જ એક પર્વ ઉજવાઈ ગયો. વેલકમ ડ્રીંક અને કૂકીઝની લહેજત સાથે બપોરનાં ૧૨.૩૦ કલાકે **પરબ**ની બહેનો અને અન્ય **૪૫૦** બહેનોએ સાથે મળીને ઉજવણી કરી.

સમારંભના મુખ્ય અતિથી વિશેષ **ડૉ. યોગિનીબેન વેરશી મૈશેરી** પરિવાર સાથે સમયસર પધાર્યા.

દરેક કાર્યક્રમની સિદ્ધિનું શ્રેય પરમાત્મા છે. પરબની બહેનો તથા શ્રી યોગિનીબેન સાથે મળીને તીર્થંકર ભગવાનની પાસે દીવો-ધૂપ-ફૂલહારથી અર્ચના કરી.

પરબની સદ્‌ગત બહેનો શ્રી જયાબેન સોનાવાલા, શ્રી સોનલબેન ધરમશી, શ્રી હેમલતાબેન વીકમશી અને ડૉ. વાસંતીબેન ખોનાને યાદ કરી બે મીનીટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

કાર્યક્રમના સૂત્ર સંચાલક શ્રી હેમાબેન શાહે "કાર્યેષુ મંત્રી" શીર્ષકની સમજણ આપી પધારેલ સર્વ બહેનોનું પ્રવચનથી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું. બાવીસ વર્ષથી વિવિધલક્ષી પ્રવૃત્તિઓ અને સફળ કાર્યક્રમો આપતી 'પરબ' સંસ્થાનો સુંદર પરિચય આપવામાં આવ્યો. આજના મુખ્ય મહેમાન ડૉ. યોગિનીબેન જે ડૉ. ધનલક્ષ્મી વેરશી માડણ મૈશેરીના ઝળહળતી રોશની પ્રગટાવતા પુત્રીરત્ન છે.

સીંપલ લીવીંગ અને હાઈ થીંકીંગ...
હોઠો પર માનવતાની દિવ્ય મુસ્કાન...
મેઘધનુષ જેવી સપ્તરંગી પ્રતિભા...
ધર્મ, કલા અને વિજ્ઞાનના ત્રિવેણી સંગમ...

પરિચય વંચાતા ગયો ને ખીચોખીચ બહેનોથી ભરેલા હોલમાં, બહેનોએ ઊભા થઈ તાળીઓના ગડગડાટ સાથે ડૉ. યોગિનીબેનનું હર્ષથી અભિવાદન કર્યું. સિદ્ધિ અને સફળતાના અનેક સોપાનમાંથી યશસ્વી એટલે...

- સન ૧૯૯૮માં અમેરીકન બાયોગ્રાફીકલ ઈન્સ્ટીટ્યૂટ (યુએસએ) દ્વારા "વુમન ઓફ ધ ઈયર" એવોર્ડ
- સન ૨૦૦૧માં "ઈન્ટરનેશનલ" બાયોગ્રાફીકલ ઈન્સ્ટીટ્યૂટ (યુ.કે.) દ્વારા 'ઈન્ટરનેશનલ વુમન ઓફ ધ ઈયર' એવોર્ડ
- સન ૨૦૧૨માં "ભારત જ્યોતિ" એવોર્ડથી સન્માનિત થયા.

શ્રી યોગિનીબેને "ગીતા"ના બોધ સાથે પોતાનું વક્તવ્ય શરૂ કર્યું, એમના પાંચ પડાવની વાત કરી.

૧) પરબની સ્ત્રી અને પરબની ૨૨ વર્ષની ગૌરવગાથાને સુંદર રીતે બીરદાવ્યા.

૨) આંતરરાષ્ટ્રીય વુમન અને ભારતીય વુમનની વિશેષતાઓ.

૩) 'Feminity and Jainism a critical apprisal" 'જૈન પરંપરામાં સ્ત્રી અને સ્ત્રીત્વ', આ વિષયમાં યોગિનીબેને Ph.D. કર્યું છે.

૪) આરોગ્ય અને સ્ત્રી.

૫) હું એક સામાન્ય સ્ત્રી (સફળતાની સીડી ચડવાનું માર્ગદર્શન)

વ્યક્તિનાં ઘડતરમાં મુખ્ય પાયારૂપ એમના પવિત્ર, લક્ષ્ય, સિદ્ધિ, પ્રસન્નતા, તંદુરસ્તી સ્વાવલંબન, આત્મનિર્ભરતા વગેરેની છણાવટ કરી ઉપસ્થિત બહેનોને જાગરૂક કર્યા.

**કીચન ગાર્ડન : શ્રીમાન સુનિલભાઈ આર. દોશી**

પ્રાકૃતિક સંતુલન જાળવી રાખવા માણસે પ્રકૃતિ સાથે દોસ્તી કરવી જરૂરી છે. કુદરતી સંપત્તિને જયણા અને કરકસરથી વાપરવાની સલાહ આપી. ઘરની બાલ્કની અને ફ્લાવર બેડની જગ્યામાં ફુલ, છોડ, અમુક શાકભાજી ઉછેરી સ્વઆનંદ અને તાજી લીલોતરી મેળવવી. નાળિયેરના કૂચા, શેરડીના કુચા તથા ઘરમાં ભેગો થતો શાકભાજીનો કચરો ખાતર તરીકે વાપરી સુંદર કીચન ગાર્ડન કેમ બનાવવુ તેની માહિતી આપી.

**ઓર્ગન ડોનેશન : ડૉ. અજય ઠક્કર** (જ્યુપીટર હોસ્પિટલ)

રક્તદાન અને નેત્રદાનથી આપણે વર્ષોથી જાણકાર છીએ. ડૉક્ટર સાહેબે અન્ય અવયવો (લીવર, કીડની, હાર્ટ અને ત્વચા) ના દાન અને પ્રત્યારોપણ વિષે વિસ્તૃત જાણકારી આપી. જ્યુપીટર હોસ્પિટલ તરફથી "વુમન્સ ડે" નિમિત્તે આવનાર દરેક મહિલાને "હેલ્થ ચેક અપ" ના ડિસ્કાઉન્ટ કુપન આપવામાં આવેલ.

**મધ્યાંતર** – પ્રોગ્રામ અભી બાકી હૈ...

બપોરે ૪ થી ૫ માં બ્રેકમાં સૌને તરોતાજા ફરતો નાસ્તો ને ચા-કૉફી (હાઈ-ટી) ની સુંદર વ્યવસ્થા.

બીજા સત્રમાં નીચેના દાતા પરિવારોનું ઉચિત સન્માન કરી તાળીઓના સાથે સૌએ વધાવી લીધા.

**૧) શ્રી લક્ષ્મીબેન લખમશી કુંવરજી લુઠીયા પરિવાર** અનાજ અને મસાલા વિતરણનાં પ્રોજેક્ટ માટે

**૨) શ્રી પ્રેમજીભાઈ પરિવાર હસ્તે શ્રી મીનુબેન જયેશભાઈ શાહ (ઈંદોર) રતન આયુર્વેદિક સંસ્થાન** તરફથી પધારનાર તમામ બહેનોને તેમના પોતાના બનાવેલા બ્યુટી પ્રોડેક્ટસનું સુંદર ગીફ્ટ હેંપર આપવામાં આવેલ.

**૩) શ્રી રતનબેન કાંતિભાઈ મોતા**-ટીકીટાર ઈન્ડસ્ટ્રીઝ

સર્વે દાતા પરિવારોને ખુબ ખુબ ધન્યવાદ.

**લાઈફ ઈઝ બ્યુટીફુલ : શ્રી નિલિમા વીજ**

રોજીંદા જીવનને સુખમય, આનંદમય કેમ બનાવવું તેનું સુંદર દ્રષ્ટાંતો આપી જીવન સાર્થક કરવાની માહિતી આપી. ક્વીઝ રમાડી બહેનોને જરા ગમ્મત કરાવી. **પરબ** તરફથી વિજેતાનો ઈનામો આપવામાં આવ્યા.

**પેઈન મેનેજમેન્ટ : ડૉ. કૃતિકા દોશી**

રોજબરોજનાં જીવનમાં થઈ આવતો દુઃખાવો કેટલું હેરાન કરે છે? અને તેને દુર કરવાના ઉપાયો કરી કેમ રાહત મેળવી શકાય એનું માર્ગદર્શન સ્લાઈડ શૉ અને સરળ ભાષામાં આપવામાં આવ્યું. પેઈન ક્લીનીકની માહિતી આપી. પધારેલ સૌ સ્પીકરોનું મોમેન્ટો અને કેન્ડલ સેટ આપી બહુમાન કરવામાં આવ્યું. 'કેન્ડલની જેમ સર્વત્ર પ્રકાશ ફેલાવો'ની શુભેચ્છા આપી. પરબ સંસ્થા તરફથી સંતૂર હેન્ડવોશની ગીફ્ટ આપવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવનાર તમામ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી સૌનો આભાર માનવામાં આવ્યો. શ્રી હેમાબેન શાહની વાણીની મીઠાશ અને વાક્ચાતુર્યતાએ સૌને મંત્રમુગ્ધ કર્યા.

જીવન ઉપયોગી કંઈક પામ્યાનાં અહેસાસ અને સંતોષ સાથે સૌએ વિદાય લીધી.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન જાણતાં-અજાણતાં કોઈ ક્ષતી રહી ગઈ હોય તો ક્ષમાયાચના.

પરબની સર્વે બહેનો વતી...

**ઈંદીરા વીકમશી, કાશ્મીરા લુઠીયા, તરલા ધુલ્લા, મધુરી લાપસીયા, ચંદન મોમાયા, દમયંતી લોડાયા, મીના શાહ, પારૂલ મોતા, લીના કાયાણી, મીરા મોમાયા, જયશ્રી દંડ, મધુરી લોડાયા, દતા ખીમજી, પુષ્પા ખોના.**

આભાર-ક્ષમાયાચના


**ECE TEACHER TRAINING COURSE**
(4 MONTHS CERTIFICATE COURSE) AND
**PHONICS TEACHER TRAINING COURSE**
(1 week certificate course)
Regular Batch : Monday & Friday
Weekend Special Batch : Saturday & Sunday
New Batch Starts on 4th April 2013
**LN Mehta Ed Classes,**
Yogesh Sadan, Hingwala Lane,
Ghatkopar (E), Mumbai-400 077.
Phone : 25014824/25014870/9821285541


## સન ડેવલોપર્સના સભ્યમિત્રો જોગ

હવેથી તમામ સભ્યમિત્રો તેમજ શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)ના પ્રત્યેક પ્રતિનિધિશ્રીઓએ ખાસ જણાવવાનું કે તા. ૫, ૯ તેમજ ૧૪ તારીખોના દર મહીને લકી ડ્રો www.sundevelopers.co.in. વેબસાઈટમાંથી ડ્રોની પ્રિન્ટ કાઢી લેવા નમ્ર અપીલ છે. હવેથી એ બાબત જાહેરખબરના માધ્યમથી જાણ કરાશે નહીં. જેની પ્રત્યેક સભ્ય તેમજ પ્રતિનિધિશ્રીએ નોંધ લેવી અને તેની વ્યક્તિગત ઝેરોક્ષ પણ મોકલી શકાશે નહીં.

**-:સૌજન્ય:-**

**શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)-ગાંધીધામ**


શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



કલા-કસબ અને કલરનો
અનોખો સમન્વય
**જ્યોતિ**
**સિલ્ક સાડી એમ્પોરીયમ**
*Sachi Jari maate real nam*
૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૦૨,
ફોન : 22413995, 22402786. E-mail : jyotisse@gmail.com


**લગ્નસંબંધી :** મુંબઈસ્થિત ૧૯૮૬ બોર્ન, હાઈટ ૫'-૪" બી.કૉમ. ફેર, માંગલીક કુંવારી કન્યા માટે મુંબઈ કે મેટ્રોસીટીનાં વેલસેટલ કુંવારા યુવકનાં વડીલો કુંડળી, ફોટા સાથે સંપર્ક કરે : 08082367268
E-mail : jain99300@gmail.com

# ક.દ.ઓ મોતા પરિવારના ભાવિકજનો જોગ

**કુળદેવી અંબાઇમાની સમૂહપહેડી પ્રસંગે હાર્દિક આમંત્રણ.**

ક.દ.ઓ.મોતા પરિવારના કુળદેવી મા અંબાઇમાની સમૂહપહેડી ચૈત્રસુદ૧ ગુડીપાડવો ગુરૂવાર તા:૧૧.૪.૨૦૧૩ ના શુભ દિવસે જ્ઞાતિશિરોમણી શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ વાતાનુકુળલિતં બેન્કવેટ હોલ A/C, સભાગૃહ, અનંત સિધ્ધિ પરિસર,લાલબહાદુર શાસ્ત્રી માર્ગ ,ભાડુપ (વે) ખાતે યોજવામાં આવેલ છે.

## સમૂહપહેડીના લાભાર્થી પરિવાર

**શા.વેરશી માયાં મોતા પરિવાર. સુથરી. (વિલેપાર્લા) હ.રોનક અને નેહા જનક મોતા**

**સમય:સવારના ૯.૩૦ થી બપોરના ૨.૩૦ સુધી.**

- જાણીતા કલાકાર માતાજીની અર્ચના-આરાધનામાં સુર સંગીત દ્વારા સૌને ભક્તિરસમાં તરબોળ કરી દેશે.બહેનો પણ ગરબા દ્વારા માતાજીની અર્ચના કરશે.
- સરસ્વતી સન્માન ૨૦૧૧/૧૨ માં એસ.એસ.સી.(પ્રથમ બે) /એચ.એસ,સી (પ્રથમ બે) એવં સ્નાતક-ઉચ્ચ કે અન્ય પરિક્ષા પાસ કરેલ પરિવારના યુવા સભ્યોનું સરસ્વતી સન્માન અને અન્ય સભ્યોનું અભિવાદન.
- માતાજીની અર્ચના-આરાધના પહેડીના જુહાર એવં પ્રાસાદના ભક્તિરસમાં સમયસર પધારી પરિવારની એકતામાં વધારો કરશોજી.
- વર્ષમાં એકવાર બધા પરિવારજનો સાથેમળીને ૩/૪ કલાક એક સાથે કુળદેવીની આરાધના કરીને જે આત્મબળ મેળવે છે.જરૂર હાજર રહીને અનુભવ લેશોજી.
- ઘરમાં દરરોજ દર્શન માટે મંદિરમાં બિરાજમાનમાતાજી એવં ફળિયોનો ફોટો જેમણે ન મેળવ્યો તેઓએ પહેડી દરમ્યાન મેળવી લેવો.
- તેરા સ્થિત માતાજીના મંદીરનું રંગકામું પ્રગતિમાં છે.નવી સંગીત વ્યવસ્થા નવરાત્રી પહેલાં શરૂ થઇ જશે.સુરક્ષા વ્યવસ્થા સુધારાયેલ છે. ચૈત્રી પુનમ/નવરાત્રીમાં ભુવાજી સ્થાનકે હાજર હોય છે.આપ માતાજીના દર્શનનો લાભ એવં એમના આર્શિવાદ મેળવવા પધારશોજી.
- સૌને આરતી થયા પછી જ માતાજીને દર્શન કરવા પધારવાનું રહેશે.

**લી .ક.દ.ઓ મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ એવં ક.દ.ઓ, મોતા યુથ ફોરમ ના પદાધિકારીઓ**

**એવં કાર્યકરોના જય માતાજી વાંચશોજી.**

# કારકિર્દી માર્ગદર્શન :

## સિવિલ સર્વિસની પરીક્ષા પદ્ધતિ

આઈએએસ-આઈપીએસ પદે પહોંચવા માટે ઉમેદવારોએ સિવિલ સર્વિસ પરીક્ષાના ત્રણ તબક્કામાંથી પસાર થવું પડે છે. જેમાં પ્રારંભિક પરીક્ષા, મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યુ આવે છે.

**(૧) પ્રિલિમિનરી (પ્રારંભિક) પરીક્ષા :** સિવિલ સર્વિસની પૂર્વ પરીક્ષામાં કુલ બે પેપર રહેશે. પહેલું પેપર જનરલ સ્ટડીસ (સામાન્ય અધ્યયન)નું ૨૦૦ માર્ક્સનું રહેશે તથા બીજું પેપર સી સેટ (CSAT)નું ૨૦૦ માર્ક્સનું રહેશે જેમાં અંગ્રેજી ગ્રામર, કૉમ્પ્રિહેન્સન, ગણિત અને રિઝનિંગના પ્રશ્નો હશે. પરીક્ષામાં નેગેટિવ માર્કિંગ પણ છે. દરેક ખોટા જવાબના ૦.૩૩ માર્ક્સ કપાશે. કુલ ૪૦૦ માર્ક્સની પરીક્ષા રહેશે. પ્રિલિમિનરી પરીક્ષા ૨૬ મે ૨૦૧૩ના રોજ રહેશે.

**(૨) મુખ્ય પરીક્ષા :** જે ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષામાં મેરીટ લીસ્ટમાં આવશે તેમને જ મુખ્ય પરીક્ષામાં બેસવા દેવામાં આવે છે. મુખ્ય પરીક્ષા નવેમ્બર મહિનામાં હશે. આ વરસથી મુખ્ય પરીક્ષામાં ઘણા ફેરફાર કરવામાં આવ્યા છે. સિવિલ સર્વિસની મુખ્ય પરીક્ષામાં હવેથી કુલ સાત પેપરો રહેશે તથા કુલ ૧૮૦૦ માર્ક્સની હશે, તેમાંથી ફરજિયાત પેપર પાંચ હશે, એક પેપર અંગ્રેજીનું અને જનરલ સ્ટડીસ (સામાન્ય અધ્યયન)નાં કુલ ૪ પેપરો રહેશે તથા પેપર ૬ અને ૭ માટે પરીક્ષામાં કુલ ૨૫ વૈકલ્પિક વિષયો અને ૨૩ ભારતીય ભાષામાંથી કોઈપણ એક વિષય પસંદ કરવાનો રહેશે. પસંદ કરેલ કોઈપણ એક વિષયના પેપર-૧ ને પેપર-૨ એમ બન્ને પેપર ૨૫૦-૨૫૦ માર્ક્સના હશે અને ઈન્ટરવ્યુ ૨૭૫ માર્ક્સનો હશે.

પેપર-૧ ફરજિયાત પેપર ૩૦૦ માર્ક્સનું હશે જેમાં ૨૦૦ માર્ક્સનો નિબંધ તથા ૧૦૦ માર્ક્સનું અંગ્રેજી ગ્રામર, કૉમ્પ્રિહેન્સન અને પ્રેસીસ રાઈટિંગનું રહેશે (તેનો અભ્યાસક્રમ દસમા ધોરણનો રહેશે)

૧) પેપર-૨ માં ભારતીય સંસ્કૃતિ વારસો, ભારતનો અને વિશ્વનો ઈતિહાસ અને ભૂગોળનું વસ્તુનિષ્ઠ પ્રકારનું ૨૫૦ માર્ક્સનું પેપર હશે.

૨) પેપર-૩માં પ્રશાસન, ભારતીય બંધારણ, રાજનીતિ, સામાજિક ન્યાય અને આંતરરાષ્ટ્રીય સંબંધ.

૩) પેપર-૪માં ટેક્નોલોજી-આર્થિક વિકાસ, બાયો ડાયવર્સિટી, પર્યાવરણ, સિક્યોરિટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ.

૪) પેપર-૫માં એથિક્સ, ઈન્ટિગ્રિટી અને એપ્ટીટ્યુડ.

**(૩) ઈન્ટરવ્યુ :** જેઓ મુખ્ય પરીક્ષામાં મેરીટ લીસ્ટમાં આવે છે તમને જ ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે. તેના કુલ ગુણ ૨૭૫ છે. તેમાં મુખ્ય રીતે ઉમેદવારોની ઝડપી નિર્ણયશક્તિ, વિષયને સમજીને કામ કરવાની ઢબ, તેમની માનસિક પરિપક્વતા તથા સ્વભાવ આ બધી બાબતોનું વિશ્લેષણ થાય છે અને તેમને પોતાની કાર્યશક્તિના આધારે ગુણ મળે છે. અંતે ફાઈનલ મેરીટ લીસ્ટમાં મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યુના ગુણનો સરવાળો કરી, જેઓ ફરીથી ટોપ મેરીટમાં હોય તેમને પોતાની પસંદગીની પોસ્ટ માટે પસંદ કરવામાં આવે છે.

## આઈએએસ, આઈપીએસ પરીક્ષા માર્ગદર્શન

આઈએએસ અને આઈપીએસ પરીક્ષાના અભ્યાસક્રમની વિસ્તૃત માહિતી અને તેની તૈયારી કરવા શું શું કરવું જોઈએ? વૈકલ્પિક વિષયોની પસંદગી કઈ રીતે કરવી? કે જેથી કરીને પરીક્ષામાં સફળ થઈ શકાય તથા સિવિલ સર્વિસની પરીક્ષાથી આઈએએસ-આઈપીએસ સિવાય બીજા કયા કયા વિભાગોમાં ઉજ્જવળ કારકિર્દીની તક છે. આ બધુ મુંઝવણોની જાણકારી માટે મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન તરફથી માર્ગદર્શન શિબિરનું આયોજન કરાયું છે.

મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશનની આઈએએસ એકેડમી લાઈબ્રેરીમાં સિવિલ સર્વિસની આઈએએસ પરીક્ષાની તૈયારી કરવા માટે માર્ગદર્શન, માહિતી અને કોચિંગ (તાલીમ વર્ગ)ની સુવિધા છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે વિવિધ વ્યવસાયલક્ષી પરીક્ષાઓ જેવી કે કસ્ટમ્સ, સર્વિસ ટેક્સ, ડિફેન્સ, રેલવે, બેન્કિંગ, ઈન્સ્યુરન્સ, ઑફિસર, મેનેજમેન્ટ તથા ઉચ્ચ અભ્યાસલક્ષી પ્રવેશ પરીક્ષાઓ જેવી કે મેડીકલ, એન્જિનિયરીંગ, મેનેજમેન્ટ, કોમ્પ્યુટર, વિદેશી ભણવા માટેની પરીક્ષાઓની માહિતી અને તૈયારી કરવા માટે એક લાખથી વધુ પુસ્તકોની લાઈબ્રેરી અને તાલીમ વર્ગની સુવિધા છે. શારીરિક વિકલાંગ અને જ્યુડિશિયલી સેપરેટેડ, ત્યક્તા, વિધવા, ડાયવોર્સી સ્ત્રીઓ માટે આઈએએસ તથા બીજી વ્યવસાયલક્ષી પરીક્ષાની તૈયારી કરવા માટે તાલીમ વર્ગ અને લાઈબ્રેરીની સુવિધા નિઃશુલ્ક છે. શિબિરનો સમય દરરોજ સાંજે ૪ થી ૭ છે. સ્થળ : મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈએએસ એકેડમી, વસંતસ્મૃતિ, દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (પૂર્વ), મુંબઈ-૧૪. (ફોન : ૯૮૬૭૨૨૨૨૧૦).

## 'સ્લો ઍન્ડ સ્ટેડી વિન્સ ધ રેસ'

### સઘન પૂર્વતૈયારી સાથે સફળતા મેળવી શકાય

મોટા ભાગના ગુજરાતી વિદ્યાર્થીઓના મનમાં એ ગ્રંથિ ઘર કરી ગઈ છે કે સિવિલ સર્વિસની આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. પરીક્ષા આપવી એ તેમના ગજા બહારની બાબત છે. હકીકતમાં એવું નથી. આ પરીક્ષાનો અભ્યાસક્રમ વિસ્તૃત છે અને તેને પૂરો કરવા માટે એક-બે વરસ અગાઉથી જ જો પૂર્વતૈયારીઓ શરૂ કરી દીધી હોય તો મુશ્કેલી નહીં પડે. એક વખત પરીક્ષાના બધા વિષયોની વ્યવસ્થિત તૈયારી થઈ જાય અને જેમ સંપૂર્ણ ભરેલો ઘડો અવાજ કરતો નથી તેવી જ રીતે ઉમેદવારોની બધી જ સમસ્યા-શંકાનું સમાધાન થઈ જાય છે. 'સ્લો એન્ડ સ્ટેડી વિન ધ રેસ' આપણે ડિગ્રીના છેલ્લા વરસમાં હોઈએ અને ત્યારે આ પરીક્ષામાં આગોતરી પૂર્વતૈયારીઓ વગર બેસી જઈએ તો શક્ય છે, પરિણામ નકારાત્મક આવે.

આ પરીક્ષા આપણી ચીલાચાલુ યુનિવર્સિટીની પરીક્ષા જેવી નથી, જેમાં ૩૫ આવે તો પાસ અને ૬૦ આવે તો ફર્સ્ટ ક્લાસમાં ઉત્તીર્ણ થઈ જઈએ. રાષ્ટ્રીય સ્તરે લેવાતી આ પરીક્ષામાં દર વરસે જેટલી ખાલી જગ્યા હોય એટલી જ સીટો ભરાતી હોવાથી ઉમેદવારોએ ઑલ ઈન્ડિયા મેરીટમાં આવવું જરૂરી છે, તેમાં જો નંબર ન આવે તો આઈ.એ.એસ. ની મુખ્ય પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં આગળ વધવા દેવામાં આવતા નથી. સ્પર્ધકો વિચાર્યા વગર પોતાની ડિગ્રી કક્ષાના વિષયો પસંદ કરીને પરીક્ષા આપે છે અને પોતાના રસના વિષયો અવગણે છે. ઘણીવાર મિત્રો જે વિષય લે છે તે વિષયમાં પોતાનો રસ ન હોય તો પણ લે છે અને પછી તેનું પરિણામ નિષ્ફળતામાં જ આવે છે. આ બધા પ્રશ્નોનાં નિરાકરણ અને આ પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી તેના માટે માર્ગદર્શન જરૂરી છે.

### વૈકલ્પિક વિષયોની પસંદગી કઈ રીતે કરવી?

સિવિલ સર્વિસની પરીક્ષામાં કોઈ પણ ડિગ્રી ધરાવનાર ઉમેદવારો બેસી શકે છે. જેમાં ટકાવારીની પણ જરૂર નથી. આ પરીક્ષામાં સફળ થવા માટે વૈકલ્પિક વિષયોની યોગ્ય પસંદગી જ મુખ્ય ભાગ ભજવે છે, તો ઉમેદવારોએ મુખ્ય પરીક્ષામાં આ વિષયની પસંદગી કઈ રીતે કરવી? આ બાબત ખૂબ જ મહત્ત્વની છે. ધારો કે એક ઉમેદવારો બી.કૉમ. કર્યું છે, પરંતુ તેને કોમર્સના વિષયમાં ઓછા અને બીજા આર્ટ્સના વિષયો જેવા કે ઈતિહાસ ભૂગોળ, સમાજશાસ્ત્ર, રાજનીતિ, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન જેવા વિષયોમાંથી એક અથવા બે વિષયોમાં વધારે રસ ધરાવે છે. આઈ.એ.એસ. પરીક્ષામાં ઉમેદવારોને પોતાની ગમે તે ક્ષેત્રની ડિગ્રી હોય તો પણ પોતાના મનગમતા વિષયો લેવાની છૂટ છે. ડિગ્રીના જ વિષયો લેવા તેવું બંધન નથી. (ફક્ત સાહિત્યના વિષય રાખવા માટે સ્નાતક કક્ષાએ સાહિત્યનો વિષય રાખ્યો હોવો જોઈએ). વિષયોના આધારે તેને અનુલક્ષીને જુદીજુદી પોસ્ટ મળે છે, એ માન્યતા ભૂલભરેલી છે. પરીક્ષામાં તમે ગમે તેવા વિષયો રાખ્યા હોય તોપણ તમે તમારા મેરીટ અનુસાર પોસ્ટ મેળવી શકો છો એટલે સિવિલ સર્વિસના ઉમેદવારોએ જો પોતાના ડિગ્રીના વિષયોમાં રસ ન હોય તો તે વિષયને વૈકલ્પિક વિષય તરીકે કદાપી ન લેવો, પરંતુ પોતાના રસ, રુચિ અને મનગમતો વિષય જ પસંદ કરવો જોઈએ. જનરલ કેટેગરીના સ્પર્ધકોને માત્ર ચાર જ પ્રયાસ મળતા હોઈ યોગ્ય વિષયની પસંદગી પરીક્ષા પાસ કરવામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

### વૈકલ્પિક વિષયો પસંદ કરવા માર્ગદર્શન

આપણને કયા વિષયમાં વધારે રસ છે અને કયા વિષયમાં ઓછો રસ છે તે માપવા માટેનું કોઈ સાધન નથી. માનસશાસ્ત્રની દૃષ્ટિએ જ્યારે આપણે કોઈ પણ વિષયનું પુસ્તક વાંચતાં હોઈએ અને ઘરમાં (ટેલિફોનની ઘંટડી રણકે, ફેરિયા કે કોઈ અન્ય ડોરબેલ વગાડે, ઘરમાં કોઈ સભ્યો કોઈ કામ કરવાનું કહે ત્યારે અથવા કોઈ મિત્ર આવે ત્યારે તેમની સાથે વાત કરવાનો કંટાળો આવે, ગુસ્સો આવે, મનમાં એમ થાય કે આ બલા ક્યારે ટળે અને ક્યારે તમે તમારી ચોપડી વાંચવાનું શરૂ કરી શકો, ત્યારે તમે નક્કી સમજો કે અંતર મનમાં અંદરખાને તમને એ વિષય વાંચવામાં રસ છે તેનાથી ઉલટું જો ઉપરની કોઈ પણ બાબત બને અને તમને મનમાં હાશકારો થાય અને ચોપડી તરત નીચે મૂકી દેવાનું મન થાય તો સમજવું કે તમને એ વિષયમાં ઓછો રસ છે. સિવિલ સર્વિસની પ્રારંભિક પરીક્ષામાં જનરલ સ્ટડીઝમાં ભારતીય ઈતિહાસ, ભારતીય ભૂગોળ, ભારતીય અર્થશાસ્ત્ર, ભારતીય રાજનીતિ, સામાન્ય વિજ્ઞાન તથા સામાન્ય ક્ષમતાના વિષયો પર પ્રશ્નો પૂછતા હોવાથી તમને આ વિષયમાં રસ હોય કે ન હોય તો પણ તમારે વાંચવા પડે છે. તેથી સૌ પ્રથમ સામાન્ય અધ્યયનના પેપરમાં બધા વિષયો આવતા હોઈ વાંચવાની શરૂઆત આ પેપરથી કરવી જોઈએ. ત્યારબાદ પોતાના રસનાં વિષયોને ક્રમ અનુસાર ગોઠવી જે વિષયમાં સૌથી વધારે રસ પડતો હોય તે જ વિષયને વૈકલ્પિક વિષય તરીકે પસંદ કરવો જોઈએ. માનો કે તમને ભારતીય ઈતિહાસ ભૂગોળ અથવા રાજનીતિ વૈકલ્પિક વિષય તરીકે પસંદ કર્યા હોય તો આ વિષયો સામાન્ય અધ્યયનમાં પણ તમારે ફરજિયાત તૈયાર કરવાના હોય પછી તેની કોઈ વિશેષ તૈયારી કરવી પડતી નથી. બન્ને તરફ કૉમન વિષય થઈ જવાથી સમયની બચત વધારે વાંચ અને અભ્યાસક્રમ, ફરીથી રિવિઝન કરવાનો વધારે સમય મળે છે. જે જુદા જુદા વિષયો રાખ્યા હોય તો શક્ય બનતું નથી. ખૂણેખાંચરેથી સમયની બચત, સતત વાંચતી વખતે પોતાની અંગત નોટ્સ બનાવવાની-લખવાની ટેવ અને મહાવરો વગેરે આ પરીક્ષા માટે ખૂબ જ જરૂરી છે.

### સિવિલ સર્વિસની પ્રેક્ટીસ કઈ રીતે કરશો?

આઈ.એ.એસ.ની પરીક્ષા સિવાય પણ યુ.પી.એસ.સી. બીજી ઘણી બધી ટોપ લેવલની ક્લાસ

વન પરીક્ષાઓનું સંચાલન કરે છે, જેમાં ઈન્ડિયન એન્જિનિયરીંગ સર્વિસ (આઈ.એ.એસ.), ઈન્ડિયન ઈકોનોમિક એન્ડ સ્ટેટીસ્ટીકલ સર્વિસ (આઈ.એ.એસ.), એન.ડી.એ., સી.ડી.એસ. તથા સ્ટાફ સિલેકશન કમિશનની કસ્ટમ્સ, ઈન્કમ ટૅક્સ, સી.બી.આઈ., સેન્ટ્રલ એક્સાઈઝ, સર્વિસ ટૅક્સ, ઈન્સ્પેક્ટર તથા વિવિધ રાજ્યોની સ્ટેટ પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી, એમપીએસસી) જેમાં ડેપ્યુટી કલેક્ટ્ર, ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલિસ, આસિસ્ટન્ટ કમિશનર ઑફ પોલીસ, સોસાયટી રજિસ્ટ્રાર, મામલતદાર (તહશીલદાર) નાયબ તહશીલદાર વગેરેની ઘણી બધી પોસ્ટ, ક્લાસ વન જેવી વિવિધ વ્યવસાયલક્ષી સ્પર્ધા પરીક્ષાઓ આપીને સિવિલ સર્વિસ સ્પર્ધા પરીક્ષા માટે જોઈતો અનુભવ અને પ્રેક્ટીસ કરી શકાય છે.

આ પરીક્ષાનો અભ્યાસક્રમ પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાનો હોવાથી અથવા તો ઉમેદવારોએ અનુસ્નાતક ડિગ્રી મેળવીને પછી આઈ.એ.એસ. પરીક્ષા આપવી અથવા પહેલેથી આપતા રહેવું જોઈએ. આવી પરીક્ષાઓ આપવાથી આપણને તૈયારીમાં રહેલી કચાસની ખબર પડે છે. હૅન્ડ રાઈટીંગ સુધરે છે. લખવાની ઝડપ વધે છે. જે પેપરો પૂરા કરવા ખૂબ જરૂરી હોય છે અને આવી વ્યવસાયલક્ષી પરીક્ષાઓમાં સફળ થઈ જઈએ તો તેમાં પણ ખૂબજ સારો પગાર અને આગળ વધવાની તકો ઉપલબ્ધ થાય છે એટલે બન્ને તરફ ફાયદો જ થાય છે.

ઘણા સફળ ઉમેદવારો આ રીતે સબોર્ડીનેટ પરીક્ષા આપી, તે પાસ કરીને જે તે વિભાગોમાં જોડાઈ જઈને સર્વિસની સાથે સિવિલ સર્વિસની તૈયારી કરતા હોય છે. અનુભવ અને આ રીતે કરેલી પ્રેક્ટીસથી તેઓ સહેલાઈથી આઈ.એ.એસ.માં પણ સફળ થાય છે. આપણે કરેલી મહેનતથી પસંદગી પામવા માટે કેટલી વધારે તૈયારી કરવાની જરૂર રહે છે તેનો અડસટ્ટો આવી જાય છે તથા તે મહેનતના પ્રમાણમાં કેટલું લખી શકીએ છીએ અને કેટલા માર્ક્સ મળે છે તેનો અંદાજ આવી જાય છે. આપણી વાંચનશક્તિ અને યાદશક્તિમાં ક્યાં કચાશ છે તથા બુદ્ધિકસોટીની સાચી જાણકારી માટે આવી હેતુલક્ષી અને વિષયલક્ષી પરીક્ષાનો અમૂલ્ય અનુભવ મળે છે. તો સિવિલ સર્વિસની આઈ.એ.એસ. પરીક્ષાનો પડકાર સ્વીકારી લો. દૃઢ સંકલ્પ, સખત મહેનત, એક જ ધ્યેય, એક જ નિર્ધાર અને મહત્વાકાંક્ષાની ચરમ સીમારૂપ આ આહ્‌વાનને ઝડપી લઈને સફળ કારકિર્દીનો સંતોષ મેળવવા દૃષ્ટાંતરૂપ જીવન બનાવવા અત્યારથી જ સજ્જ થઈ જાઓ અને મંડી પડો. આપનું જીવન તેમની જ દેન છે તો તે તેને જ સમર્પિત થાય એવી ઉચ્ચ ભાવના અને ઉચ્ચ ધ્યેયથી જીવનપંથ કંડારવા આગળ વધો.

- **શ્રી વ્રજ પટેલ** (986722210) 'જન્મભૂમિ'માંથી સાભાર.

સૌજન્ય : **શ્રી ઠાકરશી મેઘજી ગોસર** (ઘાટકોપર)



## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)
## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

**શૈ. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ (જુન, ૨૦૧૩) થી જામનગર મધે કન્યાછાત્રાલયમાં પ્રવેશ મેળવવા બાબત :**

ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતાં જ્ઞાતિની દીકરીઓને અનુક્રમે કન્યાછાત્રાલયમાં નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.

જામનગર સ્થિત કન્યાછાત્રાલયમાં આગામી શૈ. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ (જુન, ૨૦૧૩) થી ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં દાખલ થવા ઇચ્છતા જ્ઞાતિના દીકરીઓને અને એમના વાલીઓને આથી જાણ કરવામાં આવે છે કે દાખલ થવા માટેના મુકરર અરજી પત્રકો મુંબઇ તેમજ જામનગર કાર્યાલય પરથી નિ:શુલ્ક મળશે.

અરજી પત્રકમાં પુરે પુરી વિગતો ભરી તથા તે સાથે રૂા. ૫૦ (પચાસ) પુરા દાખલ ફીના તથા વાર્ષિક પરીક્ષાના પરિણામની બે (૨) પ્રમાણીત નકલો જોડી **અરજીપત્રકો મુંબઇ કાર્યાલય પર તા. ૧૦ મી મે, ૨૦૧૩ સુધીમાં મોકલી આપવાના રહેશે.**

**-: અરજી પત્રક મેળવવાનું સ્થળ :-**

**મુંબઇ સંપર્ક :-**
C/o.: શ્રી ઠાકરશી ડાહ્યાલાલ ધરમશી,
એ/૧૨૦૨, સોની ટાવર, હરિદાસ નગર,
બોરીવલી (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૯૮૨૧૧ ૯૪૫૬૯
**સમય : સાંજે ૫ થી ૮ કલાકે**

**કન્યા છાત્રાલય :-**
કામદાર કોલોની, રોડ નં. ૩, શેરી નં. ૩,
એરોડ્રોમ રોડ, જામનગર - JAMNAGAR
ફોન : (૦૨૮૮) ૨૭૧૩૭૭૦
શ્રી મનોજ ખોના - ૯૮૨૪૨ ૨૬૬૫૫

## Be there..!! Being there...!! - લીના હિરેન લોડાયા (મુલુંડ)

એક પરિચિતનાં ઘરે ગઈ. મસ્ત મજાનો બે ભાઈઓનો સંયુક્ત પરિવાર હતો. વાતોવાતોમાં અમે એ time zone માં પહોંચી ગયા જ્યારે એમનાં છોકરાઓ નાના હતા અને વડીલ માતા-પિતા પણ સદેહે હાજર હતા. (અત્યારે એમની દિકરીઓનાં લગ્ન થઈ ગયા છે. દિકરાઓ ભણવા-કામધંધાર્થે બહારગામ છે અને વડીલો સ્વર્ગવાસી છે) પણ જ્યારે આ બધા હતા ત્યારે અને અવર-જવરને લીધે પણ ઘરની સ્ત્રિયોને ખૂબ કામ પહોંચતું. ૨૪ કલાક પણ એમને ક્યારેક ઓછા લાગતા પણ બધાને એકબીજાનો સાથ અને વડીલોની હૂંફ સારી હતી. એટલે બધું થાળે પડી રહેતું પણ તોય ક્યારેક થતું કે આ બધું ક્યારે બદલાશે? ક્યારે થોડો નવરાશનો સમય, ફક્ત બાળકોની ગેરહાજરીને લીધે. બન્ને દેરાણી-જેઠાણી પાસે સમયની મોકળાશ છે. મેં પૂછ્યું "હવે કેમ લાગે છે? આ નવરાશને માણો છો." મારા આશ્ચર્ય વચ્ચે એમનો જવાબ હતો 'હા! સમય મળે છે, મજા પણ આવે છે પણ ક્યારેક કંટાળી જવાય છે. ત્યારે ભલે અમે વ્યસ્ત હતા પણ એ વ્યસ્તતાનો આનંદ કંઈક ઔર હતો!!

વાત ફક્ત આ બન્ને બેનોની નહીં પણ મારી, તમારી આપણાં સૌની છે. અનાદિકાળથી મહાપુરૂષો આપણને વર્તમાનમાં જીવવાની અને દરેક પળને માણવાની શિખામણ આપતા રહ્યા છે પણ આપણાં માટે 'વર્તમાન કાળ' એ વ્યાકરણના પુસ્તક સુધી જ સીમિત રહી જાય છે. કાં તો આપણે ભૂતકાળની સોનેરી/દુઃખદ પળોમાં વિચરતા હશું, કાં ભવિષ્યની સપનાની ભૂમી પર વિહરતા હશું. ઘરે હશું તો બહારનાં આયોજન કરવામાં અને બહાર હોઈએ તો ઘર અને છોકરાઓની ચિંતા કરતા હશું, કેટલીય વખત એવું બને છે કે આપણે શારીરિક રૂપથી તો જ્યાં હાજર હોઈએ છે ત્યાં હોઈએ છીએ પણ આપણું મન અને મગજ અન્યત્ર ભ્રમણ કરતું હોય છે. ફલસ્વરૂપ આપણે ઘણી બાબતો ખોઈ નાખીએ છીએ. કવિઓ, ગીતકારો કલમ ઘસી ઘસીને થાકી ગયા...

आगे भी जाने न तूं पीछे भी जाने न तूं
जो भी है बस यही इक पल है...

LANDMARK TECHNOLOGY FOR BREAK-THROUGH RESULTS (L.T.B.R.) કરીને એક પ્રોફેશનલ ઈન્સ્ટિટ્યુશન છે જ્યાં જીવનની આવી નાની-મોટી અડચણોને ઓળખી એમને હટાવી અને કેવી રીતે જીવનને એક નવો આયામ આપવો, લક્ષ્યો નિર્ધારિત કરીને કેવી રીતે આમાં શિખવાડવાની તકનીકોને લાગુ કરીને કલ્પનાનીત પરિણામ મેળવવા એ ત્યાં શીખવાડવામાં આવે છે. મેં પણ એમાં પોતાને સામેલ કરી. અને સૌથી પહેલા વર્તમાનમાં સંપૂર્ણપણે હાજર ન રહેવાની મારી ખામીને ઓળખી અને એનાં પર પ્રભુત્વ મેળવવાનો પ્રયત્ન શરૂ કર્યો. મારાં બન્ને "ભાઈબંધો" એટલે મારું મન અને મગજ જ્યારે મને મુકીને બીજે ફરવા નીકળે ત્યારે હું એમને આદેશ આપું છું.

"Guys come Back and be Here!!"

જાણે કે એક મંત્ર મળી ગયો. આનાં ઘણાં ફાયદા થયા. એક તો આ કે આજુબાજુ થતી ઘટનાઓ, સંદર્ભો ને ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરવાની આદત કેળવાઈ ને ઘણું નવું શીખવા મળ્યું. નાના-નાના ઘટનાક્રમો (Nuances) જે ઘણીવાર અદેખ્યા થઈ જાય છે. તેમને પણ ગ્રહણ કરતી થઈ ગઈ. Which really added a lot to my happy moments. So this is what I gained after. "Being there" but for that first we need to order our mind and Heart to "Be there".

અને હવે બીજી એક વાત, આપણે હંમેશા અલગ-અલગ વ્યક્તિ-વસ્તુ-સ્થાન માટે અભિપ્રાય કે પૂર્વાગ્રહ બાંધીને ચાલીએ છીએ. એ ગ્રાહ્ય ધરીને જીવીએ છીએ. ફલસ્વરૂપ એ વ્યક્તિ-વસ્તુ-સ્થાનના અન્ય ગુણો કે આયામો આપણાથી નજરઅંદાઝ થઈ જાય છે. આવું જ કંઈક થયું મારી સાથે, ફેબ્રુઆરીમાં મુંબઈમાં 'કાલાઘોડા' એરિયામાં થતાં 'કાલાઘોડા ઉત્સવ' દરમિયાન પ્રખ્યાત તબલાવાદક ઉસ્તાદ ફૈસલ કુરૈશીનાં તબલાવાદન અને ગાયક સોનુ નિગમનાં કાર્યક્રમમાં મારા નણંદનાં કહેવાથી અમે ગયા. અમે પતિ-પત્નિને તબલા સાંભળવા ગમે. પણ સોનુ નિગમનો કંઈ ક્રેઝ નહીં. તબલાવાદન સમાપ્ત થયા પછી "ઠીક હવે... આવ્યા છીએ તો આને પણ સાંભળતા જઈએ" વાળા વલણથી અમે ત્યાં બેઠા રહ્યા. પહેલું ગીત શરૂ થયું પણ જૂની આદત પાછી જોવા મળી. મારા 'ભાઈબંધો' ફરવા નિકળ્યા, ગીત પત્યું, મને ત્યાં રસરૂચિપુર્વક બેસવું જોઈતું હતું. પહેલા તો 'સોનુ નિગમ બહુ નથી ગમતો' વાળી વાત મનમાંથી કાઢવાની હતી. પાટીને કોરી કરવાની હતી કે જેથી એના પર નવું કાંઈ લખી શકાય. આંખ આગળથી જૂનું લખાણ હટાવવાનું હતું કે જેથી નવુ વંચાઈ શકાય. અને પછી મન અને મગજને કેળવીને ત્યાં હાજર રહેવાનું હતું. અને પછી જ્યારે એને સાંભળ્યું તો એના સરસ ગાયન સિવાય પણ અનેક બાબતો પ્રકાશમાં આવી.

એશિયાટીક લાયબ્રેરીના પગથીયા પર અમારી આજુબાજુ બેઠેલા-ઊભેલા ત્રણેક હજાર દર્શકો શ્રોતાઓ એને એકચિત્તે સાંભળતા અને જોતા હતા, માઈક શ્રોતાઓની સામે કરતાં તો એના સુરમાં સુર પુરાવતા હતા. આવું ક્યારે બને? લોકોને આપણાં કામમાં, આપણી કલામાં રસ ક્યારે આવે? જ્યારે આપણે પોતે પણ એને રસપૂર્વક અનુસરતા હોઈએ ત્યારે... એણે માણતા હોઈએ ત્યારે. સોનુ ગાતા-ગાતા સતત નાચતો પણ હતો. થાક્યા વગર પૂરો એક-દોઢ કલાક એણે રજૂઆત કરી. મને થયું કે આટલી 'કસરત' પછી પણ આના મોઢા પર થાકને બદલે કેટલો આનંદ વરતાય છે. કદાચ ગાવું અને લોકોને મનોરંજિત કરવું એનો શોખ અને સાધના છે. અને સાધનાનો ક્યારેય થાક ન હોય એનો તો આનંદ હોય. ખેર... આ તો થઈ Be there.. and what I got present to attend being there ની વાત.

આ વાતને વધુ મજબુત કરી સોનુનાં છેલ્લા આ ગીત..

*હર પલ બદલ રહી હૈ રૂપ જીંદગી*
*છાંવ હૈ કભી, કભી હૈ ધૂપ જીંદગી*
*હર પલ યહાઁ, જી ભર જીયો*
*યે મહેરબાં કલ હો ન હો...*

ત્રણેક હજારને સમૂહ એની સાથે એક અવાજે આ ગીત ગાતા ગાતા જાણે એ પળોને જીવી રહ્યો હતો.

Sonu... Mannn!!! you really made us live those moments to the hit...

(Feedback : 9867754928)


Since 1984...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જૂના ઘરચોળા લેવામાં આવશે.
Mob.: 7666688881
ગુરૂવાર બંધ


**ભુલ સુધાર :** 'પ્રકાશ-સમીક્ષા' અંક ૧૦માં પાના ૧૧ ઉપર જીવનસંધ્યા-ગદગની જા.ખ.માં 'કાયમી મિષ્ઠાન ભોજન' રૂા.૧૦,૦૦૦ની કાયમી મિતિમાં ક્રમાંક-૩ શ્રી મણીકાંત રતનશી લોડાયા (ડોંબીવલી)સાંયરાની બદલે **'શા. શીવજી ભાણજી નાગડા-પરિવાર**ના સભ્યો તરફથી' એમ સુધારીને વાંચવું.

**ભુલ સુધાર :** 'પ્રકાશ-સમીક્ષા' અંક ૧૨માં ગઈ સદીમાં કચ્છમાં આપણા જ્ઞાતિજનો લઘુઉદ્યોગ, કારીગરોના ક્ષેત્રમાં વ્યવસાય કરતા હતા તે વિષેના લેખમાં, પાના નં.૯માં નલીયામાં સલાટકામ સાથે ભીંતો પર ચિત્રકામ કરનાર જ્ઞાતિજનોનો સમયકાળ શરતચુકથી ઈ.સ. ૧૯૭૮ છપાયું છે તે સુધારીને **ઈ.સ. ૧૯૩૮** વાંચવું.


**K. Dixit**
રીયલ ડાયમંડ જ્વેલરી
**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676
**લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ તથા નેકલેસનું આકર્ષક કલેક્શન**


॥ શ્રી મોમાઈ માતાય નમઃ ॥ ॥ જય જિનેંદ્ર ॥ ॥ શ્રી ભોમીયાજી દાદાય નમઃ ॥

BHAVANA Tours & Travels
Turning Journeys Into Memories...

- ઓથોરાઈઝડ રેલવે ઈ ટિકિટ એજન્ટ.
- ઓથોરાઈઝડ ડોમેસ્ટિક એઅર ટિકિટ એજન્ટ.
- ઓનલાઈન બસ ટિકિટ એજન્ટ.
- ભારતભરમાં ભાડેથી ગાડીઓ અને બસેસ મળશે.
- બધા પ્રસંગ માટે કૅટરિંગ સર્વિસ.

પ્રવાસ સંચાલક
કરણ મણિકાંતભાઈ લાપસિયા
09324147927 / 09768541927.
ફોન : 0250 3299927 / 09322695245
ઇ-મેલ : bhavanatours@gmail.com
kldestination@yahho.com

KL DESTINATION
Where Blessing & Luxury Combine...

- ગ્રુપ ઓર્ગેનાઈઝર્સ માટે સ્પેશિયલીસ્ટ
- ફિક્સ પ્રસ્થાન માટે એસ્કોર્ટ પ્રવાસો
- 100% શુદ્ધ જૈન પ્રવાસ યાત્રા
- પેકેજ ટુર ઓપરેટર ઓલ ઓવર ઈંડીયા
- વિદ્યાર્થિયો માટે ગ્રુપ ટૂર ઓર્ગેનાઈઝર્સ
- હોટેલ્સ બુકિંગ ઓલ ઓવર ઈંડીયા

બુકિંગ હેડ ઓફિસ : સી/૦૩, મધુ કો.ઓ.હૌ.સો., સાઈ બાબા મંદિર સામે, પોલિસ સ્ટેશન ની બાજુમા, સ્ટેશન રોડ, નાલાસોપારા (વેસ્ટ), મુંબઈ - ૪૦૧ ૨૦૩.
અમારા લક્ષસ્થાન : જમ્મૂ અને કાશ્મિર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ચારધામ, દાર્જિલિંગ-સિક્કીમ, શ્રી સમ્મેત શીખરજી, રાજસ્થાન, ગુજરાત, ગોવા, સાઉથ ઇંડીયા, કેરલા અને વધુ અનેક

## ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### ૧૯૬૭ની પાવાગઢ યાત્રાની સાચી હકીકત

'પ્રકાશ-સમીક્ષા' અંક ૮ (૧૬ થી ૨૮ ફેબ્રુઆરી'૧૩) માં શ્રી શાંતિલાલ મુલજી શીયાલ (સાંતાક્રુઝ) દ્વારા ઉપરોક્ત શિર્ષક હેઠળ લખાયેલ ચર્ચાપત્ર પ્રગટ થયેલ છે. તેમાં ૧૯૬૭માં ઉપરોક્ત યાત્રાનું જાણે દેવજી દામજી ખોનાએ આ આખું આયોજન કર્યું હતુ તેવી છાપ, "પ્રકાશ-સમીક્ષા"નો અંક ૩ (૧૨ થી ૧૮ જાન્યુઆરી)નો લેખ ઊભી કરે છે, તથા "શ્રી ઝવેરચંદ નાગશી દેવાણી પોતાના ખર્ચે પૂ.યતિ શ્રી મદનચંદ્રજી મહારાજ સાહેબની સલાહથી 'અખંડ જ્યોત' મુંબઈ લાવ્યા હતા. અન્ય કોઈ 'અખંડ જ્યોત' મુંબઈ લઈ આવ્યા નથી. મુંબઈમાં શ્રી માતાજી સમક્ષ એ જ્યોત અખંડ રહે તેવી વ્યવસ્થા શ્રી અનંતનાથજી ટ્રસ્ટ સાથે શ્રી જવેરચંદ ભાઈએ કરી હતી. તેવા વિધાનો કરવામાં આવ્યા છે. તેમાં અનેક રીતે હકીકત દોષ છે.

'શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટ્રસ્ટ' દ્વારા શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન ભક્તિ ભાવના મંડળના સૌજન્યથી ૧.૯.૯૭૩ના પ્રકાશિત થયેલ 'ભક્તિ રસ અમીઝરણા' પુસ્તિકામાં નીચે મુજબનો એક ફકરો અહીં ઉતારૂં છું.

"સં. ૨૦૨૬ સાલમાં પૂ. યતિ શ્રી મદનચંદ્રજી મહારાજની નિશ્રામાં મુંબઈથી એક સ્પેશ્યલ બોગી દ્વારા સંઘના ભાઈઓ પાવાગઢ જઈ ત્યાંથી માતાજીના અખંડ દીપકમાંથી જ્યોત પ્રગટાવી ખૂબ જ ધામધૂમપૂર્વક મુંબઈમાં શ્રી અનંતનાથજી મહારાજના દેરાસરજીમાં ત્રીજે માળે માતાજીની ગોખવાળી દેરીમાં પધરાવી હતી જે પ્રસંગે ભાવિકોએ વિવિધ પ્રકારની ઉછામણીનો લાભ લીધો હતો. ઉપરાંત અન્ય ગૃહસ્થોએ સ્વેચ્છાએ સારી રકમ નોંધાવી હતી જેનો કુલ સરવાળો લગભગ રૂા. ૬૦,૦૦૦ થવા જાય છે. હજી પણ ભાવિકો એમાં ભક્તિભાવના અને શ્રધ્ધાથી પ્રેરાઈને પોતાનો ફાળો નોંધાવે છે."

આ પુસ્તિકામાંથી અન્ય એક ફકરો પણ નીચે પ્રમાણે છે : પ્રાગૈતિહાસિક પવિત્ર તીર્થ શ્રી પાવાગઢ ઉપર બિરાજતા શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા શાસનદેવી શ્રી મહાકાલી માતાજીના દર્શનાર્થે શ્રી અનંતનાથજી દેરાસરના યતિ પૂ.શ્રી. મદનચંદ્રજી મ.સા.ની પ્રેરણાથી અને એમની પુનિત નિશ્રામાં શ્રી ક.દ.ઓ. જૈન ભક્તિભાવના મંડળ તરફથી સં. ૨૦૨૪/૨૫/૨૬માં લાગલગાટ ત્રણ વખત યાત્રા યોજવામાં આવેલ, તે પૈકી ત્રીજી યાત્રા પ્રસંગે માતાજીના મૂળસ્થાનના અખંડ દીપકમાંથી જ્યોત પ્રગટાવી એમાંથી સં. ૨૦૨૬ના માગશર સુદ ૬ રવિવારે ગોખલાવાળી માતાજીની "દેરીમાં यावत चंद्र दीवाकरौ" અખંડ દીપક સ્થાપવામાં આવેલ છે. જેના કાયમના નિભાવ માટે ભાવિકો તરફથી નીચેની વિગતે મળેલ રકમનું વ્યાજ વાપરવામાં આવશે. વ્યાજનો વધારો માતાજી અંગેના કોઈ નવા ઉદ્દેશ માટે કોઈ પણ સ્થળે વાપરી શકાશે."

ઉપરોક્ત ફકરા પછી જે રકમોની વિગતો દર્શાવવામાં આવી છે તેમાં ધૃતપાત્રમાં ઘી પૂરવાના રૂા.૫૦૦૧ શા. જેતસી મેઘજી કુરૂવા (ગોધરા) અખંડ જ્યોત પ્રગટાવવાના રૂા.૨૧,૦૦૧ શા. નાગશી જીવરાજ દેવાણી(નાની ખાવડી), મહાજનવાડીમાંથી રથમાં દીપક પધરાવવાના રૂા.૧૩૦૧ શા. નરસી લધા પોલડીયા(બાયઠ), દીપક સાથે રથના સારથી બનવાના રૂા.૧૬૦૧ શા. મેઘજી ખીમજી વીરા (દેવપુર), માતાજીની છબી સાથે બેસવાના રૂા.૨૦૦૧ શા. ખેતસી નરસી લધા (બાયઠ), અખંડ જ્યોતની આરતી ઉતારવાના રૂા.૪૫૦૧ શા. નાગસી જીવરાજ દેવાણી (નાની ખાવડી), રૂા.૩૫૦૧ પ્રથમ યાત્રા પ્રસંગેના યાત્રિકોનો ફાળો, મુંબઈ, રૂા.૨૭૦૧ તૃતીય યાત્રા પ્રસંગેના યાત્રિકોનો ફાળો ઉપરાંત ૧૦૫ અન્ય વ્યક્તિઓનાં ફાળાઓની યાદી પ્રગટ કરવામાં આવી છે.

આ ઉપરાંત, જ્ઞાતિપત્ર 'જ્ઞાતિજ્યોત'માં ઉપરોક્ત ત્રણમાંથી બે યાત્રાઓના અહેવાલો છપાયા હતા તેમાંથી કેટલાક ફકરા પણ (જે ઉપરોક્ત ચર્ચાપત્રમાં કરાયેલા વિધાનોને સંબંધિત છે) નીચે આપુ છું.

"મુંબઈથી ૨.૧૨.૬૭ના સ્પેશ્યલ ટ્રેન દ્વારા લગભગ ૯૨૫ ભાઈઓનો યાત્રાસંઘ શ્રી અચલગચ્છની અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાલી માતાજીના દર્શનાર્થે વડોદરા જવા શ્રી શાસનદેવી ભક્તિભાવના મંડળના ઉપક્રમે રવાના થયો..."

જ્ઞાતિમાંથી બે અનામી ભાઈઓએ આ યાત્રા અંગેનો તમામ ખર્ચ ભોગવી લેવાની દાખવેલી તત્પરતાથી તેમણે જે વિનમ્રતા બતાવી હતી તે ખરેખર અનુકરણીય હતી, કોઈને કંઈ પણ તકલીફ ન પડે તેવી કાળજી રાખવાનો તેમનો આગ્રહ, ખડે પગે ઊભા રહેવાની તત્પરતા અને નમ્રતા પ્રશંસ્ય કહી શકાય.

"વ્યવસ્થા અંગે શ્રી વીરચંદ માણેકજી મૈશેરી તેમજ શ્રી મુલજી દેવજીના સુપુત્રો શ્રી શાંતિલાલ તથા શ્રી કાંતિલાલ ધન્યવાદને પાત્ર હતા."

સ્વયંસેવક ભાઈઓએ શ્રી લક્ષ્મીચંદ ત્રીકમજીના નેતૃત્વ નીચે સારા જેવી મહેનત કરી સેવા બજાવી હતી.

શ્રી દેવજી દામજી ખોનાની જહેમત અને ધગશ પણ સંઘની સફળતાનું આગવું અંગ કહી શકાય. સંઘના આયોજનમાં તેઓ પૂર્ણ રીતે યશસ્વી નીવડ્યા એમ કહી શકાય.

યાત્રા સંઘની ચાલુ ફિલ્મ ઉતારવા શ્રી કાંતિરોય સ્ટુડીઓવાળા શ્રી રાયચંદભાઈ ધુલ્લા સંપૂર્ણ સજાગ હતા. તેમના તરફથી મહાકાળી મતાજીની છબી યાત્રાળુઓને ભેટ રૂપે આપેલ.

શુક્રવાર તા. ૨૨.૧૧.૬૮ના યતિ શ્રી મદનચંદ્રજી મહારાજ સાહેબની નિશ્રામાં શ્રી દેવજી દામજી ખોનાના નેતૃત્વ નીચે યોજાયેલ આ યાત્રાના ખાસ પ્રયોજક શ્રી વીરચંદ માણેકજી શાહે આગળથી અત્યંત સુંદર વ્યવસ્થા કરી રાખેલ. આ પ્રવાસયાત્રાના વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેનાર મહાનુભાવોમાં શ્રી જવેરચંદ નાગશી દેવાણી, શ્રી જેતશી મેઘજી કુરૂવા ઉપરાંત મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ શ્રી રતિલાલ પદમશી નાગડા, શ્રી માણેકજી વેલજી ખોના, શ્રી માણેકજી પરબત મૈશેરી, શ્રી રવજી ખીમજી છેડા, શ્રી ટોકરશી ભુલાભાઈ વીરા, શ્રી રાયચંદ કરમશી ધુલ્લા અને અન્ય ભાઈઓ હતા. બહેનોમાં શ્રીમતી જયાબેન જવેરચંદ દેવાણી, શ્રીમતી જયંતીબેન માણેકજી ખોના, શ્રીમતી રેવાબેન મંગળદાસ શાહ, શ્રીમતી હીરાબેન જીવરાજ મોમાયા (અમી) વગેરે અન્ય બહેનો હતા. આ પ્રવાસમાં કુલ્લે અડસઠ ભાઈબહેનોએ લાભ લીધેલ.

હું કોઈ વિતંડાવાદ કે નીરર્થક વિવાદ-ચર્ચામાં પડવા માગતો નથી. શાંતિલાલભાઈએ "શ્રી અનંતનાથજી ટ્રસ્ટના જુના રેકોર્ડ તપાસશો તો આની ખાત્રી થશે" અને શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના ઈતિહાસમાં (જ્યારે લખાય ત્યારે) ૧૯૬૭ની 'પાવાગઢ યાત્રા' જરૂરથી સ્થાન પામશે. આ પાવાગઢ યાત્રામાં શરૂથી અંત સુધી હું સંકળાયેલો હતો એટલે સાચી હકીકત ઉપર રજુ કરેલ છે જેથી જ્યારે પણ ઈતિહાસ લખાય ત્યારે ભૂલ ન રહે" એ પ્રમાણે જણાવેલ છે તેના સંદર્ભમાં જ શ્રી અનંતનાથજી ટ્રસ્ટના તથા અન્ય રેકોર્ડના ઉપરોક્ત દસ્તાવેજ પુરાવાઓ આ સાથે મોકલું છું.

પાવાગઢ યાત્રા સંઘના ૩ પ્રવાસો તથા 'અખંડ જ્યોત' પધરાવવા થકી તેના આયોજકો, કાર્યકરો, લાભાર્થીઓ, આર્થિક સહયોગીઓ અને વિશેષ તેમાં સામેલ જ્ઞાતિજનો દ્વારા ઈતિહાસ બેશક રચાઈ જ ગયો છે. ભવિષ્યમાં ઈતિહાસ લખાય ત્યારે શું તે લખનાર અને લખાવનાર પર અવલંબે છે. નિષ્કામ, નિષ્ઠાવાન કાર્યકર કાર્ય કરતા રહે છે. ઈતિહાસની ચિંતા કરતા નથી. અસ્તુ.

**મુંબઈ: ૧૯.૩.૧૩ (બીડાણ સાથે)** **-'એક જ્ઞાતિજન'**

**શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ ગાંધીધામ** અને
**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ દ્વારા સંયુક્ત ઉપક્રમે આયોજીત**

## Aptitude Test (અભિરૂચિ કસોટી)

ઉપરોક્ત સંસ્થાઓના ઉપક્રમે સમગ્ર કચ્છના જ્ઞાતિ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કારકિર્દી માટે ઉપયોગી એવા અભિરૂચિ કસોટી (Aptitude Test) નું આયોજન **રવિવાર** તા. **૨૮.૪.૨૦૧૩**ના કરવામાં આવ્યું છે જેમાં આ વર્ષે ધો. ૯,૧૦,૧૧ અને ધો. ૧૨ની પરીક્ષા આપેલ હોય અથવા ધો. ૧૦ કે ૧૨ પછી પોતાની શૈક્ષણિક કારકીર્દી ઘડવાનું આયોજન કરવું હોય તેવા સર્વે વિદ્યાર્થીઓ આ અભિરૂચિ કસોટી કાર્યક્રમમાં ભાગ લઈ શકશે. આ અભિરૂચિ કસોટી ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમના વિદ્યાર્થીઓ માટે છે. ભાગ લેતાં સર્વે વિદ્યાર્થીઓ સાથે એક વાલીને પણ સાથે રહેવું અનિવાર્ય રહેશે.

આ કસોટીમાં ભાગ લેવા ઈચ્છતા સર્વે વિદ્યાર્થીઓ પોતાના નામ નીચે જણાવેલા કારોબારીના સભ્યો પાસે રૂા.૧૦૦/- ની ડિપોઝીટ જમા કરાવીને નોંધાવી શકશે. આ ડિપોઝીટ અભિરૂચિ કસોટી આપનાર વિદ્યાર્થીઓને છેલ્લે પરત કરવામાં આવશે. અભિરૂચિ કસોટી માટે નામ નોંધાવવાની છેલ્લી તા. **૩૦.૩.૧૩** છે. સર્વે વિદ્યાર્થીઓને આગ્રહભર્યું નિવેદન છે કે જલ્દીથી નામ નોંધાવી કાર્યકરોનું ઉત્સાહ જરૂરથી વધારશો.

કાર્યક્રમ : **રવિવાર તા. ૨૮.૪.૨૦૧૩** • સમય : સવારના ૯.૦૦ થી સાંજે ૬.૩૦
સ્થળ : **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનવાડી, ગાંધીધામ**

નામ નોંધણી અને માહિતી માટે સંપર્ક :

**શ્રીમતી ભાવિની નિલય દંડ - 9909723929 • શ્રીમતી મૃદુલા જયંતી નાગડા - 9825434748**
**શ્રીમતી દિપ્તી નિરંજન લોડાયા - 9427765901 • શ્રીમતી લતા છગનલાલ નાગડા - 9979686258**
પ્રમુખ : **શ્રીમતી મીના મહેશ લાલકા** • મંત્રી : **કલ્પના કાંતિલાલ મોતા**

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

**C/o. શ્રી વીરબાઈ પાઠશાલા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા.**

- શુભાશીર્વાદ -

**અચલગચ્છાધિપતિ, તપસ્વીરત્ન, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિ મ.સા.**

- દિવ્યકૃપા -

**આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. તથા**
**શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**

**પ્રેરણા માર્ગદર્શન : પ.પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા.** M.Sc., Ph.D.

આજે સર્વત્ર અસંતોષની આગ સળગેલી છે. જીવો ઘણી જ દોડાદોડ અને ગળાડૂબ સ્પર્ધામાં અટવાયેલા છે. જેથી સતત તાણ અને અશાંતિ અનુભવી રહ્યા છે. અમુલ્ય માનવ જીવનને માણવાને બદલે એને ગુમાવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં એક માત્ર જૈન દર્શન અને સમ્યગ્ જ્ઞાનની ગંગાને આપ સહુના ઘર-ઘરમાં અને ઘટ-ઘટમાં પહોંચાડવાનું ભગીરથ કાર્ય દેવ-ગુરૂની અસીમ કૃપાથી અમે આદર્યું છે.

જિજ્ઞાસુ વ્યક્તિઓને જિનશાસનના અમુલ્ય વારસાનો પરિચય થાય. જિન શાસનના મહામુલા સિદ્ધાંતને જાણ–સમજી જીવનમાં ઉતારી સહુ જીવ સાચી સુખ-શાંતિને અનુભવે એ એકમાત્ર હેતુથી આગમ જ્ઞાતા-ધ્યાતા પરમોપકારી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. ના જન્મ શતાબ્દિ પ્રસંગે આ શુભ કાર્યનો પ્રારંભ કરીએ છીએ.

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્ન-પત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્ન-પત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને **"સમ્યગ્ જ્ઞાન પ્રવેશિકા"**, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને **"સમ્યગ્જ્ઞાન પરિચય"**, અને ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને **"સમ્યગ્ જ્ઞાન વિશારદ"** (B.J.) ની પદવીથી સન્માનિત કરવામાં આવશે.

આગળ માસ્ટર (M.J.) અને ડોક્ટરેટ (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.

## વધુ માહિતી - પુછપરછ સંપર્ક

**શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી**
"મહુલી" ૧૪મા માળે, ડો. એ.બી. રોડ,
નેહરૂ સેન્ટરની સામે, વરલી, મુંબઈ-૪૦૦ ૦૧૮
ફોન : ૯૮૨૦૦૮૪૮૬૭

**સંપર્ક સૂત્ર**

**સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા**
શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ,
મોઢા રોડ, ઔરંગાબાદ-૪૩૧૦૦૧
ફોન : (૨૪૦) ૨૩૩૬૪૭૫

**સૌ. ભારતીબેન તિલોકચંદ દંડ**
C/o. વીરચંદ નરશી, પો.બો. નં.૧૧
મલકાપુર (મહારાષ્ટ્ર) - ૪૪૩૧૦૧
ફોન : ૦૯૫૫૨૫૯૬૬૭૦

**સૌ. તૃપ્તિબેન પ્રજેશ વીરચંદ નાગડા**
મે. નારાણજી કાનજી, ન્યૂ કોટન માર્કેટ,
હુબલી (કર્નાટક) - ૫૮૦૦૨૯
ફોન : ૦૯૪૪૮૩૫૦૧૨૫

**શ્રીમતી ઈન્દિરાબેન જયંતીલાલ વિકમશી**
૯, જયંતવીલા, ૨જે માળે, ફુડ સ્પોટની સામે,
ઘાટકોપર(ઈ), મુંબઈ-૭૭.
ફોન : ૩૨૯૧૩૫૦૬
સમય : સોમથી શનિ. ૧૧ થી ૪

**વિજ્ઞાપન સૌજન્ય : શેઠશ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)**

प्रकाश समीक्षा સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

ટ્રસ્ટના ઉપક્રમે મુંબઈ મહાજન દ્વારા તા. ૧૧.૪.૧૩ના મુલુંડ કાલિદાસ સંકુલમાં બપોરે ૨ થી રાત્રે ૯ સુધી જ્ઞાતિજનો માટે વિવિધ મેડીકલ તપાસણી કેમ્પ યોજાયો છે. આ કેમ્પમાં વહેલો તે પહેલોના ધોરણે ૨૦૦ જણની નોંધણી કરાશે. રૂ.૩૦૦ ભરી નામ નોંધાવવા, જેમને ઘણી રાહતદરે મેડીકલ ટેસ્ટીંગ કરી અપાશે. આ ઉપયોગી મેડીકલ કેમ્પમાં લાભ લેવા અપીલ છે.

### નલીનપુર નારી નિગમ

નિગમ દ્વારા ૯.૩.૧૩નાં 'વિશ્વ નારી દિન' શ્રી નરશી અનાથા સભાગૃહ, અનંતસિધ્ધિ, ભાંડુપ મધે ઉજવવામાં આવેલ. શ્રી લીતેશભાઈ ખોના અને ચાંદનીબેન દંપતિ પ્રમુખ તરીકે તથા શ્રી વિજયભાઈ ખોના અને અમિતાબેન દંપતિ અતિથિ વિશેષ તરીકે પધારેલ. દીપ પ્રાગટ્ય પછી શ્રી ચંદ્રપ્રભ ભગવાન, મહાકાલી માતા અને શેઠશ્રી નરસી નાથાની છબીઓને માળા અર્પણ કરવામાં આવેલ. શ્રીમતી સરલાબેન લક્ષ્મીચંદ, શ્રીમતી સરલાબેન લધુભાઈ, શ્રીમતી નલિનીબેન લોડાયાએ નવકારમંત્રનું પઠન કરેલ. હીના લોડાયાએ આવકાર આપેલ. ભાવના ખોના, માલિની નાગડાએ કાર્યક્રમનું સંચાલન કરેલ. પૂર્વી છેડા અને નીલમ નાગડાએ સ્ટેજ તથા 'નોખી નારી'ના પ્રતિસ્પર્ધીઓની વ્યવસ્થા સંભાળેલ. કુમારી યક્ષા નાગડા, અને પ્રિયલ લોડાયા, નલિયાની નારીઓ અને મોનિકા નાગડાએ અલગ અલગ સુંદર નૃત્ય રજૂ કરેલ. આ પ્રસંગે 'નલિયાની નોખી નારી' સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રશ્નાવલી, સેલ્ફ ઈન્ટ્રોડક્શન, વ્યક્તિમત્તા અને નિર્ણાયકોનાં પ્રશ્નોનાં વિવિધ રાઉન્ડ યોજવામાં આવેલ. જાણીતા ટીવી સિરિયલ અને ફિલ્મના આર્ટ ડિરેક્ટર શ્રીમતી ટીનાબેન ધરમશી, એચીવર્સ એવોર્ડસના નિર્ણાયક તથા નિવૃત્ત પ્રાધ્યાપિકા વિમલાબેન ગોસર તથા મુલુંડ ક.વી.ઓ. મહિલા વિભાગના ભૂતપૂર્વ પ્રમુખ અને લાયન્સ ક્લબ ઓફ માંડવીનાં પ્રેસીડન્ટ શ્રીમતી ગીતાબેન ગાલા નિર્ણાયક તરીકે પધારેલ. શ્રીમતી ગીતાંજલિ કોન્ટ્રાક્ટર પ્રથમ, શ્રીમતી જયશ્રી નવીન જૈન દ્વિતીય તથા શ્રીમતી ડૉ. અમી નીરજ શાહ તૃતીય આવેલ.

નલીયાની ૨૦ નારીઓ અને નિયાણીઓ જેમણે આગવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેમનું સન્માન કરવામાં આવેલ. જેનું સંચાલન હીરાબેન ખોનાએ કરેલ. આ કાર્યક્રમમાં આર્થિક સહયોગ આપનાર શેઠશ્રી નરશી નાથા ચેરીટેબલ ટ્રસ્ટ, ક.દ.ઓ. જૈન મહાજન-નલીયા, સરલાબેન લઘુભાઈ નાગડા, વિમલાબેન વર્ધમાન ખોના અને વર્ષાબેન અનિલ નાગડાનું મંડળે આભાર માનેલ. મહેંદી આર્ટીસ્ટ નેહા શિયાળ અને એમની સખીઓ દ્વારા પધારેલ બહેનોને મહેંદી મૂકવામાં આવેલ. કાર્યક્રમ માટે વિવિધ ઈનામોના દાતા માતુશ્રી જયાબેન ઝવેરચંદ લોડાયા હતા. મેજિક ટચ એક ઓવર સ્ટુડિયોના ભાવિન કિરણ ભેદાએ વિવિધ ગીફ્ટ વાઉચર્સ પ્રદાન કર્યા હતા. છેલ્લે, વીણાબેન નાગડાએ આભારવિધિ કરેલ અને અલ્પાહાર લઈને છૂટા પડ્યા હતા.

આગામી કાર્યક્રમ ૧૪.૪.૧૩ના ગો ચીઝ ફેક્ટરી વિઝિટ છે. વ્યક્તિ દીઠ રૂ.૧૫૦૦ (એ.સી. વાહન સાથે), અને તા. ૧.૫.૧૩ના બોટપાર્ટી માટે વ્યક્તિ દીઠ રૂ.૧,૦૦૦ રહેશે. આ કાર્યક્રમમાં કોઈપણ જોડાઈ શકશે. સંસ્થા તરફથી ૨૬.૪.૧૩નાં શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, મુલુંડ મધે બપોરના ૨ થી ૪માં કસબ ભરતકામ અને ૪ થી ૬ દરમ્યાન પંચક્રાફ્ટનો વર્કશોપ યોજવામાં આવેલ છે. આ વર્કસોપમાં પણ કોઈપણ જોડાઈ શકશે. સંપર્ક : પૂર્વી છેડા-9920328602, હીના લોડાયા-9820318345 અને વીણા નાગડા-9967666380


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

## પૂ. ગચ્છાધિપતિશ્રીની શેઠશ્રી કેશવજી નાયક ધર્મશાળામાં પધરામણી

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આ.ઠા. ભૂજથી શંખેશ્વર તીર્થ અને શંખેશ્વર તીર્થથી પાલીતાણા તીર્થે છ'રિપાલિત સંઘ સાથે પધાર્યા. દીક્ષા એવં તીર્થમાળનો કાર્યક્રમ ભવ્યરીતે ઉજવાયો. હાલમાં પૂ. ગચ્છાધિપતિશ્રી શેઠશ્રી કેશવજી નાયક ધર્મશાળામાં પધારેલ છે. ચતુર્વિધ શ્રી સંઘના વરસીતપના પારણાં તથા પૂ. ગચ્છાધિપતિશ્રીના ૪૪મા વરસીતપનું પારણું દાદાની છાયામાં થશે. ત્યાં સુધી પૂજ્યશ્રીની સ્થિરતા શેઠશ્રી કેશવજી નાયક ધર્મશાળામાં છે. તીર્થયાત્રાએ પધારનાર સહુ યાત્રિકોને દર્શન-વંદનનો લાભ લેવા વિનંતી છે.

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા એવં શુભ આશીર્વાદથી તથા આગમ અભ્યાસી પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. તથા પૂ.જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની દિવ્યકૃપાથી તથા પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા.ના પ્રેરણા-માર્ગદર્શનથી શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ એક વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. વાર્ષિક કેન્દ્રિય પરીક્ષા રવિ. તા. ૧૯ મે ૧૩ના ૩૦ વિવિધ કેન્દ્રો ઉપર આયોજીત કરવામાં આવે છે. બધાજ કેન્દ્રો ઉપર બપોરના ૩ થી ૫ નો સમય રાખવામાં આવેલ છે. સહુ વિદ્યાર્થીઓએ પોતાનું પરીક્ષા પ્રવેશપત્રક મેળવી લેવું એના વિના પ્રવેશ આપવામાં આવશે નહિં.

આગામી વર્ષ માટે પ્રવેશ ફ્રાર્મ આપવામાં આવે છે. જિજ્ઞાસુઓને સમયસર પ્રવેશ ફોર્મ ભરવા વિનંતી કરાઈ છે. ફોર્મ ભરીને મોકલવાની અંતિમ તા. ૩૦ એપ્રિલ ૨૦૧૩ છે.

## શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ સ્નેહમિલન

મંડળના ઉપક્રમે ૩.૩.૧૩ના સતત ૩૩મા વરસે કોઠારાવાસીઓનું સ્વામીવાત્સલ્ય સ્નેહમિલન જૈનમ હોલ, ભાંડુપમાં સંપન્ન થયું.

સમારંભ પ્રમુખ શ્રી જયેશભાઈ જૈન, અતિથિ વિશેષ શ્રી કલ્પેશભાઈ મોતા, શ્રી હીરાલાલભાઈ ડાઘા, શ્રી પ્રવિણભાઈ લોડાયા, સંસ્થાના નવા વરાયેલ યુવા પ્રમુખ શ્રી હેમંતભાઈ ગોવિંદજી અજાણી, કોઠારા મહાજનના પ્રમુખશ્રી નલીનભાઈ અજાણી મહિલા મંડળના અધ્યક્ષ શ્રીમતી દિનાબેન અજાણી, મંડળના નિવૃત્ત પ્રમુખશ્રી રાયચંદભાઈ લોડાયા, કોઠારા જિનાલયના ટ્રસ્ટીઓ, મંડળના પદાધિકારીઓ વિગેરે મંચ પર બિરાજમાન થયેલ.

પ્રારંભમાં મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય બાદ 'નવકાર મહામંત્ર' નું પઠન સંગીતના સથવારે કરવામાં આવેલ. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી ખીરણભાઈએ આવકાર આપ્યા બાદ શ્રી નલીનભાઈ અજાણી, શ્રી કલ્પેશભાઈ મોતા, શ્રી પ્રવિણભાઈ લોડાયા વગેરે મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચન કરેલ. સંસ્થાનો અહેવાલ શ્રી દિનેશભાઈ અજાણીએ રજુ કરેલ.

પાયાના કાર્યકરથી માંડીને સંસ્થાના ૧૨ વરસ સુધી પ્રમુખપદે રહીને સેવાઓ આપવા બદલ માજી પ્રમુખશ્રી રાયચંદભાઈ શીવજી લોડાયાને સન્માનપત્ર, શાલ, હાર અને શ્રીફળ સાથે પરિવારસહ સન્માનમાં આવ્યા.

વર્તમાન પ્રમુખશ્રી હેમંતભાઈ અજાણીએ શ્રી રાયચંદભાઈ તથા તેમના સમગ્ર પરિવારની સેવાને બિરદાવેલ તથા સન્માન બદલ હાર્દિક આભાર વ્યક્ત કરેલ.

સમારંભ પ્રમુખશ્રી અતિથિવિશેષનું સ્વામી વાત્સલ્યના દાતાશ્રીઓ તથા શૈક્ષણિક સન્માન દાતા માતુશ્રી દેવકાંબાઈ નેણસી ધરમશી પરિવારના શ્રી પ્રતાપભાઈનું મોમેન્ટો, હાર, શાલ તથા શ્રીફળ સાથે અભિવાદન કરવામાં આવેલ. જિનાલયના ટ્રસ્ટીઓ, સંસ્થાના અધિકારીઓનું પુષ્પગુચ્છથી બહુમાન કરવામાં આવેલ.

મંડળના નવા પદાધિકારીઓ પ્રમુખશ્રી હેમંતભાઈ અજાણી, ઉપપ્રમુખો શ્રી હરીશભાઈ મુનવર અને દિનેશભાઈ અજાણી, માનદમંત્રીઓ શ્રી ખીરણભાઈ લોડાયા અને શ્રી લહેરચંદભાઈ લોડાયા, ખજાનચી શ્રી અનિલભાઈ મોતા તથા કારોબારીના સભ્યોની ઓળખવિધિ કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન ગામના ૬૫ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક બહુમાન કરવામાં આવેલ.

આભારવિધિ તથા સુત્ર સંચાલન શ્રી દિનેશભાઈ અજાણીએ સંભાળ્યું તેમજ સમગ્ર કાર્યક્રમનો ઉપસંહાર




ABDASA (KACHCHH) GAUSHALA TRUST



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

સમારંભ પ્રમુખશ્રી જયેશભાઈ જૈને પોતાની વિશિષ્ટ શૈલીમાં કરેલ.

સ્થાનિકે ભોજનશાળામાં ફોટો સ્કીમમાં ૨૪ ફોટાઓનાં નામ આવેલાં એ સર્વે પરિવારોનો આભાર માનવામાં આવેલ. કોઠારા દેરાસરના બધી પ્રતિમાઓના ચક્ષુ, ભમર, તિલક નવા બનાવવામાં આવેલ. જેનો સંપૂર્ણ ખર્ચ રૂા.૨,૦૮,૦૦૦ કુ. પુષ્પાબેન લાલજી શામજી અજાણીએ આપેલ એ બદલ શ્રી નલીનભાઈ અજાણીએ આભાર માનેલ.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત ટ્રસ્ટ કાર્યો સારી રીતે આગળ વધારે છે. દર બુધવારના જમણના દાતાઓ: કાયમીતિથી-શ્રી રતનશી વાલજી ગડા (ચીયાસર), શ્રી શાંતિનાથ જિનાલય-પારોલા તિર્થ સાર્ધ શતાબ્દી મહોત્સવ સમિતિ, ગુણવંતીબેન દિનેશ શાહ (મુલુંડ), કુંવરબાઈ આશારિયા લોડાયા (અંકલેશ્વર-હસ્તે લક્ષ્મીબેન ગુલાબચંદ શાહ), શ્રી ભવાનજી શીવજી લોડાયા (ચાલીસગામ-હસ્તે મધુરીબેન લોડાયા), શ્રી દલેશભાઈ ઝવેરચંદ મોમાયા (ચાલીસગામ), વેલજી રવજી પોલડિયા (લુણી), માતુશ્રી ચંપાબેન લાલજી દેવજી મૈશેરી (યુએસએ-હસ્તે દીપક કીરણ મૈશેરી), ચંદનબેન જીવરાજ લોડાયા (બીડ). નકરા-પુષ્પાબેન શાંતિલાલ દંડ (વડાલા), મિતેશ રમેશ લોડાયા (ચાલીસગામ), ગોવિંદજી વિરજી ખોના (ડોંબીવલી-હસ્તે મહેશ), કો કિલાબેન દિનેશ ધરમશી (વડોદરા).

## વારાપધર

અત્રે ૫.૩.૧૩ સ્વ. અ. સો હંસાબેન પ્રેમચંદ મોમાયા હસ્તે કલ્પેશભાઈ (સાંયરા) તરફથી દ્વિતીય પુણ્યતિથી નિમિત્તે મહાકાળી માતાજીની ભાવના થયેલ.

## શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ ભારતનગર

અત્રે જીરાવલ્લા ઉપાશ્રયમાં શ્રી મહાકાળી માતાજીની ભાવના ૨૩.૨.૧૩ના રાત્રે શ્રી શાંતિલાલ તેજપાર મોમાયા (સાંયરા-ગાંધીધામ) તરફથી રાખેલ.

જેમાં ચિ. કૌશિક તથા કુ. દામિની પરેશ મોમાયા તરફથી ૩ ડ્રો રાખેલ, ભાવનામાં રાજેશ, ઉત્તમ મોમાયા, મનીષ, જયંત, ભાવિક, લીતેશભાઈ બહેનો તથા લતાબેન, નીલમબેન, ભક્તિબેન, પાયલબેને સારી એવી રમઝટ જમાવેલ. ૨.૩.૧૩ના રાત્રે સ્વ. ભવાનજી પરબત મોતા, (વારાપધર-સાંગલી) હસ્તે રાજેશભાઈ તરફથી રાખેલ. ભાવનામાં અશ્વિનીબેન ભાવના લોડાયાએ ચામરથી રમઝટ જમાવેલ.

વર્ષ ૨૦૧૩-૧૪ માટેની કારોબારીમાં પ્રમુખ-મહેશ જવેરચંદ લોડાયા, ઉપપ્રમુખ-જયંત જવેરચંદ લોડાયા, મંત્રી-લીતેશ લક્ષ્મીચંદ લોડાયા, ખજાનચી-મનીષ ઉમરશી લાલકા, સભ્ય-પરેશ મોમાયા, સુનીલ લોડાયા, દિલીપ મોતા, અખિલ લોડાયા તથા લતાબેન નાગડા, નિલમબેન દંડ, ભક્તિબેન મોમાયા, અશ્વિનીબેન ડાઘા કાર્યરત થયેલ છે.

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
UKKHIMJI & CO.
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH-416416 Tel. 2670910/2322057

## ડોંબીવલીમાં તપસ્વીઓના પારણાં

શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબીલીના ઉપક્રમે પૂ.આ. શ્રી ગુણસાગરસુરીજીની જન્મ શતાબ્દી વર્ષે સંઘના સુવિધિનાથ જિનાલયે સમસ્ત બૃહદ મુંબઈ વિસ્તારના વરસીતપના તપસ્વીઓના અત્તરવાયણા ગુરૂ. તા. ૪.૪.૧૩નાં સાંજે ૪ વાગે કરાવવામાં આવશે. સર્વે તપસ્વીઓને પધારવા આમંત્રણ છે. આ તપમાં ૧૫૦૦ જેટલા ભાવિકો જોડાયા છે. આ અતરવાયણાનો લાભ મા. ખેતબાઈ કેશવજી ગડા પરિવાર (નાના રતડીયા) હ. શ્રી. ઠાકરશીભાઈ ગડા (સંઘ પ્રમુખ) એ લાભ લીધેલ છે.

તા. ૧૭.૪ થી ૨૫.૪ આયંબીલ ઓળીની આરાધના રહેશે. સંઘ સંચાલિત ૧૫ પાઠશાળામાં સમ્યગ જ્ઞાન સિંચનરૂપે ધર્મ સંસ્કરણ ચાલી રહ્યું છે. પંચ પ્રતિક્રમણથી આગળ અભ્યાસ જીવવિચાર, નવ તત્ત્વ, દંડક, લઘુ સંગ્રહણી, કર્મગ્રંથ, તત્વાર્થ સૂત્ર વગેરે ભણાવવા સંઘ દ્વારા પંડિતજીની વ્યવસ્થા કરાઈ છે. સંઘનું જ્ઞાનભંડાર (પુસ્તકાલય) સવારે ૯ થી ૧૨ દરમ્યાન ચાલુ હોય છે. ઈચ્છુકો લાભ લઈ શકે છે. સંઘના અચલગચ્છભવનનો હોલ ધાર્મિક કાર્યો ઉપરાંત પ્રાર્થના, સાદડી કે પુજન, સાંજી, તપસ્વી અનુમોદના કે ગામ-સંસ્થાની સામાજિક મીટીંગો માટે વપરાશાર્થે ભાડે અપાય છે. તે માટે સુવિધિનાથ જિનાલયે સંપર્ક કરી શકાશે.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ-અમલનેર

દીક્ષાર્થી કુ. ઉર્વીબેનના પાલીતાણામાં અકસ્માત અને સૌ. જાગૃતિબેનના અવસાનના સમાચાર જાણી અત્રે ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. મહિલામંચ તરફથી

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

માતુશ્રી ભારતીબેન લોડાયાના ઘરે સમુહ સામાયિક અને જાપ રાખવામાં આવેલ.

તા. ૧૦.૩.૧૩ના શ્રી દેવશી કચરાભાઈ ડાઘા પરિવાર તરફથી સૌ. જાગૃતિ પંકજ ધરમશીની પ્રાર્થનાસભામાં સમસ્ત જૈન સમાજ અને ખાનદેશ ક.દ.ઓ. સમાજ તરફથી ભાવભીની શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

તા. ૧૧.૩.૧૩ના માતુશ્રી જયાબેન ગુલાબચંદ ડાઘાના ઘરે સમુહ સામાયિક રાખવામાં આવેલ.

## ભરૂડીયા જિનાલયે ધ્વજા મહોત્સવ

સેવક ભરૂડિયામાં આદિનાથ જિનાલયે આઠમી વર્ષગાંઠ અને ધ્વજારોહણની ઉજવણી ૧૦.૩.૧૩ના ધામધૂમથી કરવામાં આવી. ધ્વજારોહણના કાયમી દાતા માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડના સુપુત્રો સર્વશ્રી મહેન્દ્રભાઈ, અશોકભાઈ તથા રાજેશભાઈ સપરિવાર સ્નેહી-સંબંધીઓ સાથે સંઘના પ્રમુખશ્રી વિનોદભાઈ દંડ શ્રી ધનકુમાર દંડ, શ્રી કુંવરજી દંડ, શ્રી પ્રવિણ દંડ, શ્રી મનોજ દંડ તથા શ્રી અશ્વિન દૌલત વગેરે મુંબઈથી પધારેલ.

મુંબઈથી પાલીતાણા તીર્થે પુ.આ.ભ. ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા. આ.ઠા.ના દર્શન-વંદન કરી આશિર્વાદ લઈ પ્રારંભ થયો. પૂ.સાધ્વીઓશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા., દેવરક્ષિતાશ્રીજી મ.સા., ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા. અને વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. આ.ઠા. ના વરસીતપ નિમિત્તે વંદના તથા શાતા પૂછવા અને શ્રીસંઘ રાજકોટ ગયેલ અને લાભ લીધેલ.

મુંબઈથી નીકળેલ આ સંઘમાં ૧૪૦ જણાંની અનુમોદનીય હાજરી હતી. સ્થાનિકેથી મોટી ખાવડી, દલતુંગી, રંગપુર જામનગરથી ધર્માનુરાગીઓ આ અવસરે દાતા પરિવારના આમંત્રણને માન આપી પધાર્યા હતા.

આ પ્રસંગે સત્તરભેદી પૂજા તથા ધ્વજારોહણ વિધિ શ્રી તિલકભાઈ ખોના, શ્રી મનોજભાઈ ખોના તથા શ્રી વિમલભાઈ દંડ તેમ જ સહયોગીઓએ સારીરીતે કરાવી. આ પ્રસંગે સંઘ સ્વામી વાત્સલ્ય હતુ. દાતા પરિવારના ઉમંગ અને ભાવના સાથે ગામવાસીઓ દરવર્ષે આનંદે ધ્વજારોહણ ઉત્સવમાં જોડાય છે. ભક્તિભાવપુર્વક આરાધના થાય છે.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ-સાંગલી

મહિલામંચની મીટીંગ સૌ. જસમીન દેવાંગ ખોનાના ઘરે મળેલ. જેમાં મહારાષ્ટ્ર એકમની મીટીંગનો અહેવાલ અપાયો. સપ્ટેંબરની મીટીંગ સૌ. પુર્વી પિયુષ ધરમશીના ઘરે યોજાયેલ. જેમાં ગત પ્રવૃત્તિ અહેવાલ અપાયેલ. ગોટી પોલોની ગેમ રમાડવામાં આવી. ગેમમાં પ્રથમ જસમીનબેનને, દ્વિતીય સ્મિતાબેનને ઈનામ મળેલ. ગૃહઉદ્યોગ માટે મંડળ તરફથી અનુદાન અપાયેલ. ઓક્ટોબરની મીટીંગ સૌ. અંજના રમેશ શિયાડના ઘરે મળેલ. જેમાં પત્તાની ગેમ રમાડવામાં આવેલ. પ્રથમ સ્મિતાબેનને તથા દ્વિતીય જસમીનબેનને ઈનામ મળે. નવેંબર'૧૨ની મીટીંગ સૌ. દિપ્તી પારસ ફુરુવાના ઘરે મળેલ. જેમાં સાંણસી-ગ્લાસની ગેમ રમાડવામાં આવી. પ્રથમ ઈનામ પુર્વીબેન અને દ્વિતીય ઈનામ ફાલ્ગુનીબેનને મળેલ. ડીસેંબર'૧૨ની મીટીંગ સૌ.ડૉ. સ્મિતા રાજેશ ધરમશીના ઘરે મળેલ. જેમાં નયનાબેને બે જાતની રંગોળીનો ડેમો આપ્યો. જાન્યુઆરી'૧૩ની મીટીંગ સૌ. અલ્પા હિરેન વિક્રમશીના ઘરે મળેલ. નવા વર્ષની સૌને શુભેચ્છા અપાઈ. મરાઠી ઉખાણા પુછવામાં આવ્યા અને વિજેતાઓને કેડબરી આપવામાં આવી. ફેબ્રુઆરી'૧૩ની મીટીંગ સૌ. ડીંપલ પારસ મોમાયાના ઘરે મળેલ. તેમણે આયરીશ ફોલ્ડીંગ કાર્ડ અને એનવલોપનો ડેમો બતાવ્યો. કૉઈન ગૅમ રમાડવામાં આવી તેમાં પ્રથમ સ્મિતાબેનને અને દ્વિતીય જસમીનબેનને ઈનામ મળેલ. માર્ચ'૧૩ મીટીંગ સૌ. સ્મિતા શરદ ખોનાના ઘરે મળેલ. જેમાં પહેલી ગેમમાં વૃદ્ધ સ્ત્રીના નામો અને બીજી ફેમીલી ગેમ હતી. પહેલી ગેમમાં પ્રથમ અલ્પાબેનને ઈનામ મળેલ અને દ્વિતીય ડીંપલબેનને ઈનામ મળેલ. બીજી ગેમમાં પ્રથમ સુરેખાબેનને અને દ્વિતીય જસમીનબેનને ઈનામ મળેલ.

## પાલીતાણામાં શેઠ કેશવજી નાયક જિનાલયે ધ્વજા મહોત્સવ

અત્રે ૨૩.૨.૧૩ના આનંદ ઉલ્લાસથી ધ્વજા મહોત્સવ ઉજવાયો. સત્તરભેદી પૂજા, આંગીનો લાભ માતુશ્રી ઈન્દુબેન વિરચંદ નારણજી (નલીયા-હુબલી) પરિવારે લીધો. શેઠશ્રી કેશવજી નાયક જિનાલયની ધ્વજાનો લાભ વિજયાલક્ષ્મીબેન ભવાનજી દંડ (સુથરી-પાલીતાણા) પરિવાર, વીરબાઈ પાઠશાળામાં મહાવીરસ્વામી જિનાલયની ધ્વજાનો લાભ શ્રી મુલચંદ હિરજી પટેલ (બાંઢીયા-મુલુંડ) પરિવારે લીધો.

આરતી, મંગલદીવો, શાંતિકળશનો લાભ શ્રી પ્રમોદ વિરચંદ મોમાયા (સાંયરા-ઘાટકોપર) પરિવારે લીધો.

કાયમી સ્વામીવાત્સલ્યનો લાભ માતુશ્રી નવલબાઈ વિરચંદ મોમાયા (સાંયરા-ઘાટકોપર) પરિવારે લીધો.

જિનભક્તિનો આનંદ માણી સહુ ધન્ય બન્યા.

શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)

## મહારાષ્ટ્ર એકમ મહિલામંચ - જલગામ

અત્રે મહિલામંચ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે કચ્છી મહિલાઓના સ્વાસ્થ્ય માટે ૮.૩.૧૩ના મેડીકલ કેમ્પ રાખવામાં આવેલ. કેમ્પના દાતા શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર (સુથરી-વરલી) હતા. કેમ્પ માટે ડૉ. પ્રશાંત ચૌધરી, ડૉ. વંદના ચૌધરી અને ડૉ. નિતીન પાટીલનો સહયોગ અને માર્ગદર્શન મળેલ. કેમ્પમાં થાઈરોડ, લિપીડ, પ્રોફાઈલ હિમોગ્લોબીન, બ્લડ શુગર પેપસ્મીયર કેલ્શીયમ અને બોન ડેન્સીટી વગેરેની તપાસણી કરવામાં આવી.

આ શિબીરમાં જલગામ પાંચોરા, ચોપડા ચાલીસગામ-ભુસાવળ પારોલા વગેરે સ્થળેથી મહિલાઓએ ભાગ લીધેલ. તપાસણી બાદ સૌએ ચાપાણી-અલ્પાહારનો લાભ લીધેલ.

આ કેમ્પમાં ૮૦ બહેનોએ લાભ લીધેલ. આ કાર્યક્રમ સફળ બનાવવામાં અધ્યક્ષ સૌ. મોહિની લોડાયા, ઉપાધ્યક્ષ સૌ. તૃપ્તી નાગડા, સેક્રેટરી સૌ. ભારતી ખોના, સહ-સેક્રેટરી સૌ. કાશ્મીરા લોડાયા, ખજાનચી સૌ. ચેતના મોમાયા અને શ્રીમતી મંજુલા ઓસવાલે સુંદર જહેમત લીધી.

## શ્રી પ્રગતિ મહિલા મંડળ-મોટી સિંધોડી

મંડળના ઉપક્રમે બહેનો દ્વારા તા. ૫.૩.૧૩ના બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમ્યાન મુલુંડમાં મેપાણી હોલ, દેવપુંજમાં તરલાબેનના માર્ગદર્શને કલવા મંડળના સથવારે નવકાર મહામંત્ર જાપનું અનુષ્ઠાન કરાયું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સૌ જોડાયા. મંડળ દ્વારા સુંદર આરાધના થઈ.

## શ્રી મોટી ખાવડી હિતવર્ધક મંડળ-મુંબઈ

મોટી ખાવડીવાસીઓનું સ્નેહમિલનનું ૨૧.૧.૧૩નાં ભાંડુપમાં શેઠ નરશી નાથા હોલમાં યોજાયું. જેમાં ૩૩૦ જણાંએ હાજરી આપેલ.

આ પ્રસંગે બાળકો, યુવાઓ તેમજ વડીલવર્ગ માટે વિવિધ રમતગમતોનું આયોજન કરવામાં આવેલ. સવારનાં ચા-નાસ્તાને ન્યાય આપી વડીલવર્ગની રમત સ્પર્ધા શરૂ કરવામાં આવેલ. બાળકો માટે ડ્રોઈંગ હરિફાઈ રાખેલ જેમાં અલગ અલગ વયનાં બાળકોએ ભાગ લીધો હતો. તેમજ યુવક, યુવતીઓ માટે પણ અલગઅલગ સ્પર્ધાઓ યોજેલ હતી. સ્નેહમિલનમાં ગામવાસીઓએ આનંદ અને ઉત્સાહથી ભાગ લીધેલ. વિજેતાઓને ઈનામોથી નવાજવામાં આવેલ.

શ્રી મોટીખાવડી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ દ્વારા મોટીખાવડીમાં ચાતુર્માસ ઉજવણીના આયોજનની માહિતી આપવામાં આવેલ. શ્રી અતુલભાઈ દ્વારા પ્રેરક ધર્મપ્રવચનનો લાભ મળ્યો તેમજ મુંબઈ મહાજનના શ્રી પારસભાઈ મૈશેરી તથા મુલચંદભાઈએ શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા ચાલતી મેડીકલ સહાયની માહિતી આપેલ.

સ્નેહમિલનની પૂર્ણાહુતી વખતે પાવાગઢમાં યોજાયેલ ૨૯મા સ્નેહમિલન પ્રસંગે યાદગીરી અને સંભારણારૂપે બનાવેલ સીડી દેખાડવામાં આવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ

મંડળનાં મહિલા વિભાગ દ્વારા ઉત્તમ ક્વોલિટીના શુદ્ધ મસાલા ધાણાજીરું, મરચું, હળદર, સુવા-વરીયાળી વગેરેનું વિતરણ તા. ૨૮.૩.૧૩ થી ૩.૪.૧૩ સુધી સમય : બપોરના ૩ વાગ્યાથી ૬ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. સ્થળ : પ્રતાપ સર્વિસીસ ગોડાઉન, પ્રેમનગર (મીઠાકુંજ), જવાહરલાલ નહેરુ રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. થેલી સાથે લઈ આવવાની રહેશે. સંપર્ક : રેણુકાબેન-9821211002, દીપાબેન-9224345000.

## પત્રકારત્વ ક્ષેત્રે 'કચ્છમિત્ર'ના તંત્રીને વધુ એક સન્માન

અમદાવાદની ગુજરાત મીડિયા ક્લબ દ્વારા વ્યવસાયી પત્રકારો માટે સર્વપ્રથમ મીડિયા એવોર્ડ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં પત્રકારત્વ ક્ષેત્રે આજીવન યોગદાનના સર્વપ્રથમ એવોર્ડ માટે જન્મભૂમિ જૂથના દૈનિક કચ્છમિત્રનાં તંત્રી અને વરિષ્ઠ પત્રકાર કીર્તિભાઈ ખત્રીની પસંદગી કરવામાં આવી છે. દેશના જાણીતા અર્થશાસ્ત્રી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી વાય. કે. અલઘના નેતૃત્વ હેઠળની જ્યુરી કમિટીએ પત્રકારત્વમાં લાઈફ ટાઈમ કોન્ટ્રીબ્યુશન માટે બીજી અનેક એન્ટ્રીઓમાંથી શ્રી ખત્રીના નામની સર્વાનુમતે પસંદગી કરી હતી. નિર્ણાયક સમિતિના અન્ય સભ્યોમાં એ.આઈ.આઈ.એમ.ના નિયામક ડૉ. બકુલ ધોળકિયા, પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસ તથા પીઢ પત્રકારો દેવેન્દ્ર પટેલ અને આર. કે. મિશ્રાનો સમાવેશ થાય છે.

# વતનનાં વહેણ.....

## કચ્છમાં અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટ કાર્યાન્વિત

દેશના મહાકાય ઔદ્યોગિક જૂથ ટાટા પાવર દ્વારા મુંદરા-ટુન્ડા નજીક સ્થાપવામાં આવેલા અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટ પૂર્ણપણે કાર્યન્વિત થતાં આ પ્લાન્ટમાં ઉત્પાદિત થતી વીજળી દેશમાં પાંચ રાજ્યોમાં સપ્લાય કરવામાં આવશે. ચાર હજાર મેગા વોટના આ પાવર પ્રોજેક્ટનું પ્રથમ યુનિટ ગત માર્ચ માસમાં કાર્યરત થયું હતું. મુંદરામાં ઉત્પાદિત થતી વીજળી ગુજરાત ઉપરાંત હરિયાણા, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને પંજાબ રાજ્યોને અપાશે.

આયાતી કોલસાના વધી રહેલા ભાવ સંદર્ભે ટેરીફમાં ભાવ વધારો કરવા ટાટા પાવરે સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન સમક્ષ રજૂઆત કરશે. આ મહત્ત્વાકાંક્ષી પ્લાન્ટમાં દેશની સૌ પ્રથમ એવી ૮૦૦ મેગાવોટની ક્રીટીકલ બોઈલર સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી છે. આ સિસ્ટમ એન્વાયર્નમેન્ટ ફ્રેન્ડલી અને અત્યંત કાર્યક્ષમ છે. ઉલ્લેખનીય છે કે દેશમાં દિન પ્રતિદિન વીજની માંગ વધી રહી છે. ત્યારે કચ્છના ટાટા પાવર પ્લાન્ટમાં ઉત્પાદિત વીજળીથી આંશિક રાહત થશે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**મણીલાલ એન. લાપસીયા** એ-૮૦૨, ડેફોડીલ, વ્હીસ્પરીંગ મીડોઝ, ઓફ બી.આર. રોડ. મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦
ફોન : 21641611/9867135556

**ડૉ. યોગિની મૈશેરી** ૧૦૩, એનએસએસ રેસીડન્સી, શ્રી સૌમીસંકુલ, વસંત પાટીલ રોડ, ચુનાભટ્ટી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૨

**પ્રેમીલાબેન લહેરચંદ ધરમશી** બી-૨૦૮, સ્વપ્નનગર નં.૪, પી.પી. માર્ગ, વીવામોલ, વિરાર (વે)-૪૦૧૩૦૩
ફોન : 9324891735/9273410114

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ -હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

**કૌશિકા પિયુષ લોડાયા** મુલુંડ 7498041460

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫.૧૧.૧૨ | સાયન | NLKN060705 | અચીરા-જિગર હરીશ ખોના | નલીયા | કન્યા |
| ૦૨.૧૨.૧૨ | સીરસી | GOKN010202 | કેયુર-હંસકુમાર જીતેન્દ્ર ખોના | ગોરખડી | પુત્ર |
| ૦૫.૦૨.૧૩ | ભાંડુપ | RVLO050203 | નીવા-ધારા આકાશ જીતેન્દ્રકુમાર લોડાયા | રવા | કન્યા |
| ૨૨.૦૨.૧૩ | ડોંબીવલી | SKLT020404 | હિત-વિપીન વર્ધમાન લુઠીયા | નાની ખાવડી | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫.૦૨.૧૩ | બીજાપુર | JKMU030304 | ભાવિન જયચંદ વેરશી મુનવર | જખૌ | ૨૪ |
| | હૈદ્રાબાદ | VKSO020804 | દિપ્તી કુલીન દેવજી સોની પટેલ | વાંકુ | ૨૩ |
| ૧૭.૦૩.૧૩ | હુબલી | GDKR070304 | અભિષેક તિલક ખેતશી કુરવા | ગોધરા | ૨૬ |
| | ખામગામ | TRNG040503 | કોમલ મનોજ નારાણજી નાગડા | તેરા | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮.૦૩.૧૩ | ડોંબીવલી | KBL0030504 | કલ્પેશ ભરત ગોવિંદજી લોડાયા | મોટીખાવડી | ૨૬ |
| | બોરીવલી | A | કિષ્ના પ્રદીપ રેવાશંકર જોષી | ઈડર | ૨૪ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮.૦૧.૧૩ | મુલુંડ | JSDH030903 | ચિંતન નરેન્દ્ર રાયચંદ ધરમશી | જશાપર | ૨૮ |
| | ઔરંગાબાદ | SIL0180705 | ક્રેની કિરણ તેજપાર લોડાયા | સાંયરા | ૨૩ |
| ૩૧.૦૧.૧૩ | મલાડ | TRMT030803 | ચિંતન ભુપેન્દ્ર ડુંગરશી મોતા | તેરા | ૨૮ |
| | ડોંબીવલી | SMMA010304 | મિત્તલ દિનેશ માડણ મૈશેરી | મોટી સિંધોડી | ૨૩ |
| ૦૫.૦૨.૧૩ | મુંબઈ | DALI060303 | કેતુલ અશોક ભવાનજી લાપસિયા | દલતુંગી | |
| | મુંબઈ | ARLO020402 | વિભા ભરત મુલજી લોડાયા | આરીખાણા | |
| ૧૪.૦૨.૧૩ | થાણા | KBLO030403 | મિખિલ જીવરાજ ગોવિંદજી લોડાયા | મોટી ખાવડી | ૩૦ |
| | મેંગલોર | TRDD030703 | ચાંદની હરીશ લખમશી દંડ | તેરા | ૩૦ |
| ૧૪.૦૨.૧૩ | ઊંઝા | SUDU030804 | હર્ષલ શૈલેશ દેવજી ધુલ્લા | સુથરી | ૨૫ |
| | હુબલી | NLCD051003 | વિધિ હિરેન કુંવરજી છેડા | નલિયા | ૨૩ |
| ૧૮.૦૨.૧૩ | મુલુંડ | PRNG020503 | ગૌરવ વિરેન્દ્ર ઉત્તમચંદ મેપાણી (નાગડા) | પરજાઉ | ૨૯ |
| | રાયપુર | SNMA010903 | પ્રિયા પ્રવીણ માણેકજી મૈશેરી | નાની સિંધોડી | ૨૬ |
| ૧૯.૦૨.૧૩ | મુલુંડ | PRNG030504 | વિરલ પ્રફુલ લક્ષ્મીચંદ નાગડા | પરજાઉ | ૨૬ |
| | ડોંબીવલી | RANG011004 | રોશની કાંતિલાલ ભાણજી નાગડા | રંગપુર | ૨૫ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧.૦૧.૧૩ | મલાડ | TRMT030804 | જય ભુપેન્દ્ર ડુંગરશી મોતા | તેરા | ૨૬ |
| | કાંદીવલી | A | મેઘા મુકુંદ હીરાલાલ કાંટાવાલા | ખંભાત | ૨૪ |
| ૦૧.૦૩.૧૩ | વડાલા | KRLO011603 | હર્ષલ મહેન્દ્ર લક્ષ્મીચંદ અજાણી | કોઠારા | ૩૩ |
| | વરસોવા | A | અફસાન ઈનાયત હુસેન | હૈદ્રાબાદ | ૩૩ |

### લગ્ન છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૪.૦૩.૧૩ | ડોંબીવલી | A | રીતેશ નાગજી દેઢિયા | ગુંદાલા | ૩૩ |
| | ડોંબીવલી | VVCD031002 | ડિમ્પલ તનસુખ કલ્યાણજી છેડા | વારાપધર | ૨૭ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૧.૦૩.૧૩ | નાશીક | SUDH041902 | જાગૃતિ પંકજ ગુલાબચંદ ધરમશી | સુથરી | ૪૧ |
| ૧૬.૦૩.૧૩ | સાંયરા | SIMO040102 | માણેકજી શામજી વેલજી મોમાયા | સાંયરા | ૬૯ |
| ૧૯.૦૩.૧૩ | બીજાપુર | KRDH021101 | કાંતિલાલ વિશનજી ડોસાભાઈ ધરમશી | કોઠારા | ૭૧ |
| ૧૯.૦૩.૧૩ | ડોંબીવલી | MDMA013101 | ચંદ્રકાંત માણેકજી પદમશી મૈશેરી | માંડવી | ૬૭ |

# શ્રદ્ધાંજલી



## માતૃશ્રીકાન્તાબેનગુલાબચંદશાહ

જન્મતા. ૧૦-૦૯-૧૯૯૪ મરણતા. ૦૪-૦૩-૨૦૧૩

### અમારીમાં

યાદનથીપણજરૂરએમજહશે...
અમેસુતાહોઉંઅનેતારોહાથમાથેફરતોહશે...

યાદનથીપણજરૂરએમજહશે...
અમેરાતાઅનેતારુંમનરોતુહશે...

યાદનથીપણજરૂરએમજહશે...
અમેરમતાહોઉંઅનેતુંમનેનીરખતીહશે...

યાદનથીપણજરૂરએમજહશે...
ઘાઅમારોહોયઅનેદર્દતનેથયુંહશે...

યાદનથીપણજરૂરએમજહશે...
હસતાઅમેહોઉંઅનેસુખતનેમળતુંહશે...

યાદનથીપણજરૂરએમજહશે...
કોળીયોઅમેખાંઇએઅનેપેટતારુંભરાતુંહશે...

યાદનથીપણજરૂરએમજહશે...
દૂરઅમેહોઉંતારાથીઅનેછબીતારામાંજહશે...

અમારીમાં ,અમારીમાં ,અમારીમાં...

**માતૃશ્રીભચીબાઇકુંવરજીવેલજીધરમશીપરિવાર**
**માતૃશ્રીલક્ષ્મીબાઇશામજીપ્રરબતમોતાપરિવાર**

અં. સૌ. સપનાસમીરશાહ
અં. સૌ. પ્રિતીગીતેશશાહ
અં. સૌ. ભાવિકાપ્રશાંતશાહ
સાચી, આસ્થા, હીર, દીયા, ચૈત્ય, અનેમાહી

C-CleanOptics
StonemannRoyaleLtd.
Shah&Mehta
SamayInfosolutionsPvt.Ltd.

(ઋણસ્વીકાર: અમારાપરિવારનીદુ:ખદઘડીમાંપ્રત્યક્ષપત્ર,ફોન,ફેક્સ,ઇ-મેલથીઅમોનેઆશ્વાસનઆપીઅમારા દુ:ખમાંસહભાગીથયેલસર્વેસગાસંબંધીઓ,સ્નેહીજનો,વેપારીમિત્રોસર્વેનાઅમોઋણીછીએ- પરિવારજનો)

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલામંચ-જલગામ

## 'મહિલા દિન' નિમિત્તે મેડીકલ ચૅકઅપ કૅમ્પની ઝલક








# પરબ શકિત સંજીવની સોસાયટી (રજી.)

શ્રદ્ધાંજલિ - શ્રદ્ધા સુમન



## સ્વ. મધુરીબેન મુલચંદ લોડાયા

**અરિહંતશરણ : તા. ૧૫.૦૩.૨૦૧૩**

તન તીરથ, મન મંદિર બનાવ્યું...
ધુપસળી સમ સળગીને જીવન સુવાસિત બનાવ્યું,
ગુણોની હારમાળા ગુંથી... પહેરવાનો વખત આવ્યો... ને મોક્ષમાર્ગે પ્રયાણ કર્યું...
તમારી સ્નેહભરી સ્મૃતિઓ કાયમ સ્મૃતિપટ પર અંકિત કરી
આપના દિવ્ય આત્માને 'પરબ' સખીઓનાં નમન...

- પરબની સખીઓ

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**